૨૨૧

# “હાળીઓ” નું લોકસાહિત્ય

સંપાદક :

ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

૨૨૧

હાળીઓનું લોકસાહિત્ય

— ઠાકોરભાઇ નાયક

૧

ગીતો

(૧) હું રે તમને પૂછું મારા છગના ગોવાળિયા

અજના ઢોર કા ચાયરા રે ગોવાળિયા

દરિયા વચ્ચે રૂડી દીપલી રે ''

અજના ઢોર ના ચાયરા રે ''

અજના ઢોર કા પાયા રે ''

દરિયા વચ્ચે નદી નારવા રે ''

અજના ઢોર ના પાયા રે ''

... ...

ઢોર કયા બાંધે છે, કયાથી ઉઠાડે છે, દેવની પૂજા કરી ગોવાળિયો ઢોરને લઇને ઘેર આવે છે, એ બધું આ ગીતમાં આવે છે.

(૨) વાયુના વાયરા, કરજુગના કાયદા

કેમ રે સનાભાઇ પરણ્યા વિના કેમ ચાલશે ?

વીરા તેડાવો, ભાભી તેડાવો

કેમ રે સનાભાઇ પરણ્યા વિના કેમ ચાલશે ?

બેની તેડાવો બનેવી તેડાવો

કેમ રે સનાભાઇ પરણ્યા વિના કેમ ચાલશે ?

... ...

(૩) ઢોગલા રે મારા ઢોર ચારજે

ઢોગલી રે મારી ભૂંજ નો મારજે

છૂરતના પોયરા જ છીટી મારી

ઢોગલા રે મારા ઢોર ચારજે

(૪) મવલીયા ર તું ઝઝેરો વરસ, ઝઝેરો વરસ

ભીજી ર ગોરાદેની કાચળી

જ કાચળીએ નવતરી ભાત, નવતરી ભાત

બીલા પડે સવા લાખના

મવલીયા ર તું ઝઝેરો વરસ, ઝઝેરો વરસ

ભીજી ર ગોરાદેની ટીલડી

જ ટીલડીએ ર કે સોનાના વરખ, સોનાના વરખ

કે તેજ ઝર અમૃત ચાદની

મવલીયા ર તું ઝઝેરો વરસ, ઝઝેરો વરસ

કે ભીજી ર હારીડાના મોળીયા

જની ધારીડાને માથે સોનાના સીંગ, સોનાના સીંગ

કે હારીને માથે તે રંગીન મોળીયા

મવલીઆ ર તું ઝઝેરો વરસ, ઝઝેરો વરસ

કે પીરસું હારીને ભોજન ભાવતા

ઘરના હારીડાને ર કે ગરીઓ કંસાર, ગરીઓ કંસાર

કે પરના હારીડાને પીરસું ખીચડો

...

(૫) કહનો વહનો બને વ ભાઇ

કિયારીઓમા હુવા જાય

હુતા હુતા કર ર વાત

હુકસ્યા કિયારીના ભાત

હુકાં ભાત હુકાવા દીઓ

ને સૂપડ ભાઘી પાણી લીઓ

...



(૬) પડવા પુનમનું ચાદરણું ર રણાગજી

મળવે ધાય ર

માતા તો ગોરી ચારવા મોકલે ર તેનો દૂધને

સાકર પાય ર

ઘર ઘરથી મળ્યો નીસરી ર તેનો રાનડે ચારવા

જાય ર

જતા ચર તે મુહી ઝઝવો ર આવ્યા નાગરવેલ ર

ઢોર ચાયરા તે ખૂણ ખાચર ર

ગોઠવ્યા તે લીંબજી ને વાયર

લીંબજીને છાયે તો લરી ગઇ ર

ગોવાળિયા ઢોર ઉઠાડે ર

ઓમ મારીને ઢોર ઉઠાડીઆ ર માળા વટોરતા

જાય ર

દુઝણ ચાલે તે હેડા હીમ ભરે લટીઆ મળીયા

મોર ર

...

ર

## કહેવતો

૧. કોળી રળે કોકલા, કોળી રળે ધૂળ

ભાટલા બિચારા દુબરા ખોદી કાઢે ધૂળ

૨. ખાતી વખતે ખાલપી અને કામ વખત ગરૂડી

૩. ભીખી તો કર ભાઇ હીખી (શીખી)

૪. દવ બળે ત્યા કૂચિયો તૈયાર

૫. લુહ જરવ ટોપલો ને ચાદી જરવ વાણીયો

૬. દૂબળાનુ કામ બાર સાંધે ને તેર તૂટે

૭. ઉટ, બામણ, મારવાડી(વાણીયા) ભોજનુ એ ચારનો વિશ્વાસ ન થાય.

૮. તે તારી છાલી ને હું આ ચાલી

૯. ઘો મરવાની થાય ત્યારે દુબરવાડે જાય.

૧૦. દુ:ખ ડં'ને ડાબડાં

૧૧. સો દુ:ખ એક ડાબ

૧૨. હાથમા ઓસડ ને રબડા મરી જાય

૧૩. પૈસાવાળાના પોયરા ઘુઘરો રમે

૧૪. મરે કયારે ને ભૂત થાય કયારે

૧૫. દયાની માય ડાકણ ખાય

૧૬. રડતાં જાય ને મુવાની ખબર લાવે

૧૭. હવે નાક પાસે માખી બેસવા દયેશુ

૧૮. રરતો પોયરો સહુને વાલો

૧૯. ઘરમા [illegible]ાંડલો ચાટવો કુસ્તી રમે

૨૦. મોટા મોટા ઓટલા ને ઘરમા નહીં મળે રોટલા

૨૧. જમાઇ જમાઇ જમતો જજ ને ઘરના ડાડા ગણતો જજ

૨૨. મીયા બીબી રાજી તો શુ કર કાજી

૨૩. નહી રવાની તો સત્તર વાના



૨૪. આખુ કોળું દાળમા જાય શું?

૨૫. જુવાની ને દીવાની કોઇની રહેલી ના રહેવાની નહીં

૨૬. રોડ લઇને ગામ બધી દોડી

૨૭. નવો નવો પાલવો ને ગુધ કરો કાલવો

૨૮. મૂઠીમાથી લઇ જાય કપારમાથી નહી તે

૨૯. ખાંધ પે ઉપર જુસરી ને ગામ બધે શોધે

૩૦. કુવડ રાડ બપોરે ઉઠે

૩૧. બહેરો બહેરાનુ કુટે ને આંધળો ડાગ લઇ ઉઠે

૩૨. માથા માદા ને તગાડી બડી

૩૩. મારી જ મરઘી ને મારો જ દારૂ હુ નાચુ તો કુવં સારું

૩૪. ગાય કોની ને ખાય કોનુ, ને હાંકે એનુ નખોદ જાય

૩૫. નાચવું નહીં ને આગણું વાંકુ

૩૬. સારો જોઇને નોતયરો તો સુતે જઇને મુતયરો

૩૭. કાકા મામા કહેવાના ને ગાંઠે હોય તો ખાવાના

૩૮. નદી મારી ગાડ ઘા

૩૯. નહાળયુ તો જીવાણુ

૪૦. ઘરમાં જમે તે ભગવાનને કેમ ગમે

૪૧. જોયા વગર જાત્રા સુની

૪૨. કેય હુ ને કુટે હુ

૪૩. વર તોરણ આવે ને કન્યા ભગવા જાય(ફીફરુ આવે)

૪૪. વર મરે કે કન્યા મરે બ્રાહ્મણનુ દાપુ જાય હુ

૪૫. દીધા ડોળે આંખમા આંગળી ખોસવા દેવાય છું

૪૬. ઘરનો ગોખો આંખ ફોડે તો બીજો કેમ ની

૪૭. એઠલું નહી ખાય જે તો ચુંથેલું ખાય.

૪૮. ધોળી કહે કે મારું રૂપ જો ને કાળી કહે કે મારું કામ જો

૪૯. સ્વર્ગનું તેડું આવજે પણ રાજાનું તેડું ના આવજે

૫૦. કોઇને જોઇને બળો નહી પણ કોઇને જોઇને રળો

૫૧. પહેલું તે પહેલું

૫૨. ગજવામાનું જાય અને હાથમાનું રહી જાય

૫૩. ઉંબરમા ~ મૂકી ને ડુંગરમા જાય

૫૪. ખાવાની હોય ત્યારે ખાલપી બાઇ અને ચાલ્લો કરવાની હોય
ત્યારે ગરુડીબાઇ

૫૫. કૂતરાની પુસડી વાંકી તે વાંકી

૫૬. ખાતી વખતે ખાલપા અને કામ વખતે ગરૂડી

૫૭. કોળી રળે કોદરા ને ધોળિયો રળે ધૂળ

૫૮. ભલો મારો દુબળભાઇ ખોદી કાઢે જડમૂળ

૫૯. સબલાને ને દૂબળાને પોહ ની લાગે

૬૦. વાંદરીને, ઘેટીને ને દૂબળીને પોયરા બહુ વાલા

૬૧. ખધાડ કુકડી (મરઘી) વાડમા ઝૂંપડી

૬૨. એક સાકવુ (ઇંડું) ઓછું ને ખધાડ પોચું

૬૩. આળસુ હોય તે ખધાડ જાય ને આળસુ હોય તે ભાડ આપે

૬૪. દાડા આયલા વાડા તો કોને કહેવાના કાકા



૬૫ ઘરની મરઘી દાળ બરાબર

૬૬. દૂબળાભાઇની બુધ્ધિ ને ચાપ લઇને કૂદી

૬૭. દિવાહો તો દૂબરાનો

૬૮. હીંગારું પગાળું પગારુનો ભરોહો ની

૬૯. ઘરમા ઘરડું અને વરહમા ખરડું જોઇએ.

૩

વાર્તાઓ

-----

વાર્તા પહેલી

એક હતો બ્રાહ્મણ તેને ચાર છોકરા હતા. બ્રાહ્મણ ચાર છોકરા અને પત્નીને મૂકી સ્વર્ગવાસી થયા.

બાઇએ પોતાના પતિની દેહાતક્રિયા કરાવી. એઓ ગરીબ સ્થિતિના એટલે મૂકી કંઇ મળે નહી. પિતા ભિક્ષા માગી લાવીને કુટુંબનુ ગુજરાન ચલાવતા. હવે ભરણપોષણની મુશ્કેલી આવી.

માએ છોકરાઓને કહ્યુ હવે આપણે દરરોજ જંગલમા જઇને લાકડું કાપી લાવીશુ. તેમાથી આપણું ગુજરાન ચલાવીશુ. દરરોજ મારા પૈસામાથી આપણું ગુજરાન ચલાવીશું. તમે ચાર જણા તમારા પૈસા તમારી પાસે રાખજો. અને મહિના પછી તેનો હિસાબ મને આપજો.

દરેક જણને દરરોજ ચાર આના મળતા. માતા પોતાને મળતા ચાર આનામાથી કુટુંબનું ભરણપોષણ ચલાવતી. મહિનો પૂરો થયો. માએ દરેક પાસે તેમના પૈસાનો હિસાબ માગ્યો. પહેલા ત્રણ છોકરાઓએ તો મહિનાના સાડાસાત રૂપિયા આપી દીધા. પણ નાનો છોકરો રોજના એક આના લેખે બે રૂપિયામા બે આના ઓછા આપી શકયો.

તેની માએ કારણ પૂછ્યુ. તેણે કહ્યુ માતાજી મેં એ પૈસા ધરમના કામમા વાપર્યા છે. હું દરરોજ કથા સાંભળવા જતો ત્યાં એક એક આનો મૂકી આવતો. આમા મેં ખાવામા કે બીજે ક્યાંય પૈસા ઉડાવ્યા નથી. માએ કહ્યુ કથા હજી તો બાકી છે ને? હા મા. હજી કાલનો દિવસ. કાલે જજે અને તારા ગુરુને પૂછી આવજે ધરમ એટલે શું?

બીજો દિવસ થયો. રાત્રે કથા શરૂ થઇ. નાનો છોકરો પણ ગયો. તેણે કથામાં દરરોજની પેઠે એક આનો મૂક્યો. કથા પૂરી થયા પછી તેણે પોતાના ગુરુને પૂછ્યુ 'મહારાજ ધરમ એટલે શું?' મહારાજે કહ્યુ 'ધરમ એટલે શું તે હું કંઇ જાણું નહીં. પણ હું તો આ કથા કરી તેમાંથી મારું ગુજરાન ચલાવું છું. એ જ મારો ધરમ છે.'

છોકરો ઘરે આવ્યો. માએ બીજા દિવસે પૂછ્યુ 'દીકરા તારા ગુરુએ શું કહ્યુ?' મા, ગુરુએ તો કહ્યુ, 'ધરમ એટલે શું તે હું જાણતો નથી, હું તો મારું ગુજરાન ચલાવવાનો આ ધંધો કરું છું. ધરમ શું તે તો ભગવાન જાણે?'

માએ કહ્યુ 'જા ત્યારે ભગવાનને પૂછી આવ, ધરમ એટલે શું?' લે આ થોડું ખાવાનું. જા તપાસ કરીને આવ.

છોકરો તો થોડું ખાવાનું લઇને ચાલી નીકળ્યો. છોકરો ચાલતા ચાલતા ઘોર જંગલમાં આવ્યો. એક આંબાના ઝાડ નીચે જઇને બેઠો. આંબાને આ નાના છોકરાને જોઇને દયા આવી. આંબાએ પૂછ્યુ, 'ભાઇ ક્યાં જાય છે?' છોકરાએ જવાબ આપ્યો, 'ભગવાનને મળવા જાઉં છું' ભાઇ તને ભગવાન ક્યાં મળશે? આંબાએ કહ્યુ ભાઇ મારો એક સંદેશો ભગવાનને કહેજે. મારાં ફળ ઘણાં સુંદર છે પણ પાકે એટલે તેમાં જીવજંતુ પડી જાય છે એટલે કોઇ એને ખાતું નથી, તો એનું કારણ શું તે પૂછી આવજે.



છોકરો હજી ત્યાંથી આગળ ચાલ્યો, ગાઢ જંગલમાં આવ્યો. જ્યાં વાઘ વરૂ પુષ્કળ હતાં. જંગલમાં આગળ ચાલતાં તેણે એક સુંદર ઘોડાને પહાડ પર ઊભેલો જોયો. તેણે ધાર્યું કે કોઇ રાજા શિકાર કરવા આવતો લાગે છે. રાજા પાસે કંઇ ખાવાનું મળી જશે એવી આશાએ ત્યાં પહોંચ્યો. ત્યાં જઇને જુએ છે તો ઘોડો તૈયાર થઇને ઊભો છે. કોઇ રાજા કે કંઇ નથી. ઘોડાએ પૂછ્યુ 'તું ક્યાં જાય છે?' છોકરાએ કહ્યુ, 'ભગવાનને મળવા.' ઘોડાએ કહ્યુ, 'તું મારો સંદેશો નહીં લઇ જાય?' હું અહીં બાર વરસથી ઊભો છું પણ મારાથી ચલાતું નથી કે કંઇ નહીં, તેનું કારણ પૂછી આવજે.' છોકરાએ કહ્યુ હા સારું.

ત્યાંથી આગળ પર ચાલતાં નદી આવી. નદીના પ્રવાહમાં એક અજગર પડી રહ્યો હતો. તેના શરીરનો અડધો ભાગ બહાર અને અડધો પાણીમાં હતો. તેનાથી હલાય કે ચલાય પણ નહીં. પાણીમાંથી બહાર પણ નીકળાય નહીં. અજગરે છોકરાને પૂછ્યુ, 'ભાઇ ક્યાં જાય છે?' તેણે કહ્યુ 'ભગવાનને મળવા' મારો સંદેશો નહીં લઇ જાય? છોકરાએ કહ્યુ કહોને જે કંઇ હશે તે ભગવાનને પૂછી લાવીશ.' અજગરે છોકરાને પોતાની વાત કહી. આ વાત સાંભળીને છોકરો આગળ ચાલ્યો.

વધુ આગળ ચાલતાં એ એક જૂના મંદિર પાસે આવી પહોંચ્યો. એ મંદિરમાં બે આંધળાં પૂજા કર્યા કરતાં હતા. એક આંધળો અને બીજી આંધળી બંને જણને માટે ભગવાન દરરોજ બે રોટલા મોકલાવે તે ખાઇને એ લોકો જીવતા હતા.

છોકરાનો અવાજ સાંભળી આંધળાએ કહ્યું, 'આંધળી આજે કોઇ મહેમાન આવ્યાં લાગે છે. આપણે તેમને ખાવાનુ આપવું પડશે.' ડોસી કહે, 'આપણને જેમ તેમ કરીને બબ્બે રોટલા મળે તેમાથી એ પરોણાને શુ આપવાના?' આંધળો કહે, 'હું તો મારામાથી એક રોટલી બિચારાને આપીશ. અહીં આવે છે જ કોણ? કે આપણને પરોણાનો લહાવો મળે?'

આંધળાએ કહ્યુ, 'પધારો મહેમાન.' આપ અહીં શા માટે આવ્યા છો?' છોકરાએ કહ્યુ કે હું તો ભગવાનને મળવા જાઉં છું. આંધળાએ કહ્યુ, ભાઇ તને ભગવાન કયા મળવાના. પણ જો હું તને બતાવું. એ રસ્તે ચાલતા તેઓ તને માર્ગમા જ મળશે. તેમનો દેખાવ ખુબ જ ભયંકર હશે. મોટી મોટી દાઢી અને મૂછ હશે. આવો કોઇ માણસ મળે તેને માની લે જે કે ભગવાન છે.' પછી આંધળાએ છોકરાને પોતાના બે રોટલામાથી એક તેને આપી અને બીજો તેણે ખાધો. આથી તેઓને સંતોષ થયો. પણ પેલી આંધળી તો બંને રોટલા ખાઇ ગઇ. થોડા વખત પછી તે બૂમ મારવા લાગી, ઓ આંધળા ખૂબ ભૂખ લાગી, ઓ આંધળા ખૂબ ભૂખ લાગી કંઇ ખાવાનું આપ. પેટમા ખૂબ બળતરા બળે છે. આંધળો કહે, 'હું કયાથી ખાવાનુ લાવુ. તે તો બે રોટલી ખાધી, હવે કયાથી લાવુ? તુ તારે મોતે મર હું શું કરું?

મંદિરથી આગળ ચાલતા છોકરાને રસ્તામા એક મહારાજ મળ્યા. છોકરો પેલા મહારાજને વળગી પડયો અને કહ્યુ કે ભગવાન હું તમારી જ શોધમા નીકળ્યો છું. હું તમને પૂછવા આવ્યો હતો કે ધરમ એટલે શું? ભગવાને કહ્યુ 'બેટા ધરમ એટલે શુ તે તો હુ પણ નથી જાણવાનો, પણ તુ જે દિવસે તારા ગામમા પહોંચશે તે દિવસે રાજાને ત્યા એક કુંવરનો જન્મ થશે અને તે જ



દિવસે ઢેડાને ત્યા એક છોકરીનો જન્મ થશે. તુ એ બંનેને ભેગા કરી દરબારમા પૂછજે. ધરમ એટલે શુ? તેઓ તને કહેશે. બસ બેટા કહે બીજું કંઇ પૂછવું છે? હા મહારાજ, રસ્તે મળેલા મિત્રોના સંદેશા આપને કહેવાના છે. કહો જોઇએ.

રસ્તામા એક આંબો મળ્યો તેણે કહ્યુ કે તેના ફળ તો ઘણાં જ સુંદર આવે છે પણ તે પાકે એટલે સડી જાય છે. એટલે કોઇ ખાતુ નથી. આનો કોઇ ઉપાય હોય તો બતાવો. બેટા તેને કહેજે કે તારા મૂળમા સોનાના બે ચરૂ છે તે કોઇ કાળા માથાનો માનવી કાઢી આપશે તો તારાં ફળો બધા ખાતા થઇ જશે.

મહારાજ રસ્તામા એક અજગર મળ્યો તેણે કહેવડાવ્યુ છે કે હું બાર વરસથી આમને આમ પડેલો છું. મારાથી બહાર પણ નીકળાતું નથી અંદર પણ જવાતુ નથી. બેટા તેને કહેજે કે તે શિકાર આવેલા હાથીને મારી નાખી તેના ઝવેરાત તારા શરીર નીચે સંતાડી રાખ્યા છે તેની આ સજા છે. એ જો પેલા ઘરેણા કોઇ માણસને આપી દે તો તેનાથી ચલાતુ થઇ જશે.

મહારાજ રસ્તામા એક પહાડ પર એક ઘોડો મળ્યો. તેણે કહેવડાવ્યુ છે કે બાર વરસથી આમને આમ ઉભો છે. નથી ચલાતુ કે નથી ખસાતુ. બેટા તેને કહેજે કે તુ આ તારા અભિમાનની સજા ભોગવી રહયો છે. તે રાજાને પાડી મારી નાખ્યો હતો તેની આ સજા છે. હવે તો કોઇ કાળા માથાનો માનવી આવીને તેના પર સવાર થઇ જાય તો જ તેનાથી ચલાતુ થઇ જવાય. આટલું કહીને ભગવાન અદૃશ્ય થઇ ગયા.

છોકરો પાછો પોતાને ગામ જવા નીકળ્યો. રસ્તામા તેને પેલો ઘોડો પાછો મળ્યો. ઘોડાએ પૂછ્યુ, 'ભગવાન મળ્યા ? મારા માટે શો જવાબ મોકલ્યો ?' છોકરાએ કહ્યુ તુ આ તારા ગર્વનુ પાપ ભોગવી રહ્યો છે. જો કોઇ માનવી તારા પર સવાર થશે તો તુ ચાલતો થઇ જશે.' અહીં તો કોઇ માનવી આવતો નથી તુ સવાર થઇ જાને ? ઘોડાએ છોકરાને કહ્યુ. છોકરો ઘોડા પર સવાર થઇ ગયો એટલે ઘોડો ચાલવા લાગ્યો. ઘોડા પર બેસી છોકરો આગળ ચાલવા માંડયો. રસ્તામા પેલો અજગર મળ્યો. અજગરે કહ્યુ ભગવાન મળ્યા ? મારા સવાલનો શો જવાબ આપ્યો. છોકરાએ કહ્યુ કે તે તારા કર્મનુ પાપ ભોગવી રહ્યો છે. તે રાજાને મારી તેના ઘરેણા સંતાડી રાખ્યા છે. એટલે તારાથી ચલાતુ નથી. તુ જો એ ઘરેણા કોઇ માનવને કાઢી આપશે તો તારાથી ચલાતુ થઇ જવાશે.. 'ભાઇ અહીં મે કોઇ માણસને આવતો જોયો જ નથી. તમે એ ઘરેણા લઇ જાઓને ? અજગરે કહ્યુ. પછી અજગરે પેલા ઘરેણા છોકરાને કાઢી આપ્યા એટલે અજગર ચાલતો થઇ ગયો.

છોકરો ઘોડા પર બેસી પેલા ઘરેણા લઇ આગળ ચાલવા માંડયો. એટલે રસ્તામા બાવો મળ્યો. છોકરાએ બાવાને ભગવાનનો સંદેશો કહ્યો બાવો કહે ભાઇ તુ જ હવે તે ચરૂ ખોદી જાને અને ઘોડા પર મૂકી જા. બાવાએ તે ચરૂ તેને ખોદી આપ્યો. છોકરો તે ચરૂ ઘોડા પર લઇ પોતાને ઘેર ગયો.

છોકરો ઘરે ગયો ત્યારે માએ પૂછ્યુ 'દીકરા ભગવાન મળ્યા ? તમણે ધરમ એટલે શુ કહ્યુ ?', છોકરાએ કહ્યુ, 'મા ભગવાને કહ્યુ કે હું પણ ધરમ એટલે શુ તે જાણતો નથી પણ આજે રાજાને ત્યા કુંવર અને ઢેડાને ત્યા છોકરી જન્મવાની છે તે બંનેને એકઠા કરીને તેમને પૂછવા તેમણે કહ્યુ છે.'



બીજે દિવસે નાનો પુત્ર રાજાની પાસે ગયો. 'મહારાજ મારે તમારું કામ પડયુ છે. ગઇ કાલે રાતે તમારે ત્યા કુંવરનો જન્મ થયો છે ને ?', હા, હા રાજાએ કહ્યુ તેનુ શુ કામ પડયુ ? સાહેબ એ જ સમયે હરિજનવાસમાં એ છોકરી પણ જન્મી છે. તે બંનેને એકઠા કરી મારે તેમને ધરમ એટલે શુ તે પૂછવુ છે.

રાજાને પણ આ વાત સાંભળી નવાઇ લાગી. એક દિવસના બાળક તે શું બોલે. રાજાને આમા ચમત્કાર લાગ્યો. તેણે કહ્યુ, ઠીક જા બેટા આપણે તે પ્રમાણે કરીએ. રાજાએ દરબાર ભર્યો. પોતાના નવા જન્મેલા કુંવર અને પેલા હરિજનની છોકરીને દરબારમા મંગાવી. બંનેને - દરબારમા લાવી સુવાડયા.

આખો દરબાર હવે શુ થશે તેની વાટ જોઇ રહ્યો હતો. પેલા છોકરાએ પેલા છોકરાને પૂછ્યુ 'તમે મને કહેશો ધરમ એટલે શુ ?' ભાઇ ગયા જનમમા અમે બંને આંધળા હતા, એક વખત એક મહેમાન અમારે ત્યા આવ્યો. મે તેને મારામાંથી અડધુ ખાવાનુ આપ્યુ એટલે ભગવાને મને રાજાને ત્યા જન્મ આપ્યો. અને આંધળી ડોશીએ પેલા છોકરાને કંઇ આપ્યુ નહીં એટલે તેને ઢેડાને ત્યા જન્મ લેવો પડયો. ભાઇ આ છે ધરમ. છોકરાએ બધી વાત રાજાને સમજાવી.

## વાર્તા બીજી

--------

એક ખેડૂત હતો. તેને ચાર દીકરા. એ લોકો વચ્ચે સંપ પણ સારો હતો. ડોસાની ઉંમર થઇ તે મરણ પથારીએ પડયો. તેણે પોતાના દીકરાઓને ભેગા કર્યા. તેણે કહ્યુ 'દીકરાઓ હું તો હવે જાઉં છું. મારી પાસે જે કંઇ પૈસા ટકા છે તે મે આપણા ખેતરમા દાટયા છે. મારા મરણ પછી તે તમે ખોદી લાવજો.

આ વાત પછી થોડા દિવસમાં ડોસાનું મૃત્યુ થયું. છોકરાઓએ પોતાના પિતાની ઉત્તરક્રિયા કરી. પિતાના મૃત્યુ પછી પેલાઓએ ખેતર ખોદવાનું શરૂ કર્યું. બાકી ભાઇઓ ખોદનારાઓની દેખરેખ રાખતા. આમ આખું ખેતર ખોદી નંખાવ્યું પણ તેઓને કંઇ ન મળ્યું. તેઓ નિરાશ થયા. અને પછી ચાર ભાઇઓ નોકરી કરવા કામરૂ દેશમાં ચાલી નીકળ્યા. તેમની જતી તેમની પત્નીઓને સોંપી . ગયા.

કામરૂ દેશમાં પહોંચતા પહેલા તેઓ સપરા નદીએ પહોંચ્યા. સપરા નદી પાર કરી એટલે કામરૂ દેશની ચાર સ્ત્રીઓ દોડી આવી અને પોતાને ઘેર લઇ ગઇ. ઘેર લઇ ગયા પછી તેમણે તેઓને પાન ખવડાવ્યું. નાનો . ભાઇ ચતુર હતો તેણે પેલી સ્ત્રીએ આપેલું પાન ખાધું નહીં. આથી તે સ્ત્રીને થયું આ કોઇ હોંશિયાર માણસ લાગે છે. પેલા ત્રણ ભાઇઓએ પાન ખાધા એટલે બીજા દિવસથી તેમને બળદ તરીકે જોડવા માંડયા. આમ એ લોકો પાસે પુષ્કળ કામ કરાવવામાં આવતું. એક મહિનામાં તો તેઓ સૂકાઇને સૂંઠ થઇ ગયા.

નાના ભાઇની સ્ત્રીએ કહ્યું કે તું તારા ભાઇને લઇને નાસી જા નહીં તો આ લોકો તેમને મારી નાખશે. પણ આ લોકોને અહીંથી લઇ કેવી રીતે જવા ? ચાલો હું તમને એ શીખવીશ. તમે રવિવારે સાત વસ્તુ લઇને બધા સાથે ભાગી જજો. કામરૂ દેશમાં રવિવારે કામ કરાવવામાં આવતું નથી. તે દિવસે રજા રાખવામાં આવે છે.

રવિવારે તો પેલા નાના ભાઇ તેમના ઘરમાંથી સાત વસ્તુઓ લઇને ભાગી નીકળ્યા. પેલી સ્ત્રીઓ પણ તેમની પાછળ દોડી. પણ તેઓ સાપરા નદી ઉતરી ગયા. એટલે પેલી સ્ત્રીઓ નાઇલાજ બની. રસ્તે ચાલતા કોઇ રાજાના નગરમાં આવ્યા. તેઓ રાજાપાસે ગયા અને નોકરીની માગણી કરી. રાજાએ તેમને કહ્યું



અમે તો હજાર રૂપિયાના પગાર વગર નોકરી કરીશું નહીં. રાજાએ વિચાર્યું કે માણસો ઉસ્તાદ હોવા જોઇએ. તેમને રાજાએ પોતાની નોકરીમાં રાખી લીધા. રાજાને તેમને શું કામ સોંપવું તે સમજ પડતી નહોતી. પણ એમને દરબારમાં હાજર રહેવા કહ્યું.

ચાર દિવસ પછી એકાએક રાજાની રાણીનું મૃત્યુ થયું. રાજાએ પેલાઓને કહ્યું કે રાણીના . શબને રાત્રે સુંદરવનમાં રાખવામાં આવશે. સવારે તેને અગ્નિદાહ આપવામાં આવશે, તો તમે ચારેય જણા એ શબની રખેવાળી કરો.

એ લોકોએ બીડું ઝડપ્યું. ચારે ભાઇઓ વારાફરતી પહેરો ભરવાનું નક્કી કર્યું. મોટા ભાઇએ પહેલો પહેરો ભરવો એમ નક્કી થયું. બાકીના બીજા ભાઇઓ સૂઇ ગયા.

મોટા ભાઇએ પહેરો ભરવાની શરૂઆત કરી એટલે એને ઉંઘ આવવા લાગી. તેણે બીડી પીવા વિચાર કર્યો. ગજવામાંથી બીડી કાઢી પણ દીવાસળી ના મળે. એટલામાં તેણે દૂર અગ્નિનો ગોળો સળગતો જોયો. તે તે તરફ દોડયો. જઇને જુએ છે તો સામે સુળી પર એક માણસ લટકી રહેલો. અને તેની સામે ડાકણ ઊભી ઊભી રડયા કરે. પેલો ભાઇ હિંમતવાન ખરોને, એટલે તેણે ડાકણને પૂછયું શા માટે રડે છે ? પેલી ડાકણે કહ્યું કે મને પેલાની ખોપળી મળી જાય તો હું સુખથી ખાઉં. પેલાએ કહ્યું, લાવ તારો હાથ ધર હું કાપી આપું.'

ડાકણે હાથ લંબાવ્યો એટલે પેલા ભાઇએ તે હાથ કાપી લીધો. આથી ડાકણ જીવ લઇને રડતી રડતી ભાગી. મોટા ભાઇએ પેલી ડાકણનો હાથ લઇ લીધો. અને પાછો રાણીના શબ પાસે પહોંચી ગયો. એ પહોંચ્યો એટલે એનો પહેરો પૂરો થયો. તેણે બીજા ભાઇને ઉઠાડયો. તેનો પહેરો શરૂ થયો.

આમ થોડો વખત ગયો હશે એટલામાં તેને ઉંઘ આવવા માંડી. તેની પાસે પણ સળગાવવાની દીવાસળી ના મળી. એટલે તેણે દૂર દૂર જંગલમાં કંઇ બળતું જોયું. તેણે વિચાર કર્યો લાવને જઇને બીડી સળગાવી આવું. એટલામાં એને કોણ લઇ જવાનું છે ?

એ તો નીકળ્યો. ચાલતા ચાલતા તે તો માઇલ, બેમાઇલ, ત્રણ માઇલ એમ નીકળી ગયો. જઇને જુએ છે તો તે નવાઇ પામે છે. ખૂબ મોટા ચૂલા પર એક કઢાઇ ગરમ કરવા મૂકેલી છે. પાસે એક સુંદરી બેસીને રડે છે. પેલો તો વિચારમાં પડી જાય છે. ધીરે રહીને પેલી કુંવરી પાસે જાય છે અને તેને પૂછે છે, 'કેમ બહેન શું કામ રડે છે?' મારા દુઃખની શી વાત કરું, મને રાક્ષસ પકડી લાવ્યો છે હું તો રાજાની કુંવરી છું. મેં રાક્ષસ સાથે પરણવાની ના પાડી એટલે તે મને આ તેલની કઢાઇમાં તળવાનો છે. તે હમણાં શહેરમાં તેલ લેવા ગયો છે.' ચાલ બહેન રડવાની કંઇ જરૂર નથી, તું મારા કપડાં પહેરી લે અને મને તારા કપડા આપ. આજથી આપણે ધરમના ભાઇ બહેન. પેલી કુંવરીએ પોતાનાં કપડાં કાઢી આપ્યાં અને તે દૂર જઇને બેઠી. એટલામાં રાક્ષસ તેલ લઇને આવી પહોંચ્યો. તેલ કઢાઇમાં રેડી દીધું. તેણે કુંવરીને કહ્યું, 'ચાલ હવે તૈયાર થઇ જા. હું પણ જોઉં છું તું પરણવાની કેમ ના પાડે છે.' તેણે આજીજી કરતાં કહ્યું મને એના ફરતે ફેરા ફરતાં આવડતું નથી. પહેલાં આપ મને ફરી બતાવો પછી હું તે પ્રમાણે ફરીશ. રાક્ષસ પેલી કઢાઇની ફરતે ફરવા લાગ્યો. એક ફેરો ફર્યો, બીજા વખતે પેલા ભાઇએ રાક્ષસને પકડીને તેલની કઢાઇમાં નાખી દીધો. આમ રાક્ષસ મૃત્યુ પામ્યો. અને કુંવરીનો જાન બચ્યો. પછી તે કુંવરીને મહેલમાં મૂકી આવ્યો. એટલે તેનો પહેરો પૂરો થયો.



ત્રીજો ભાઇ પહેરો ભરવા લાગ્યો. તેને પણ ઉંઘ આવવા લાગી. તેને પણ બીડી પીવાનો વિચાર કર્યો. એટલામાં તો શબ ઊભું થઇ . ગયું અને બોલવા લાગ્યું. 'મારી સાડી મહેલના ચોથા માળે -- પલંગ નીચે રહી ગઇ છે. તે મને લાવી આપો નહીં તો હું તારો જીવ લઇશ.' પેલાએ કહ્યું, 'હા રાણી બા જેવો આપનો હુકમ.' આ પછી પેલો ત્રીજો ભાઇ મહેલમાં જવા નીકળ્યો. પેલો જેમ જેમ નજીક જતો ગયો તેમ તેમ ચોકીદારો નીંદરમાં પડવા લાગ્યા. પેલો ચોથે માળે પહોંચી ત્યાંથી સાડી લઇને સુંદરવનમાં પહોંચી ગયો. રાણીના શબને પેલી સાડી ઓઢાડી દીધી. આમ કરતાં તેનો પહેરો પૂરો થયો. તેણે પોતાના નાના ભાઇને જગાડયો અને કહ્યું, હવે તારો વારો આવ્યો. તું પહેરો ભર. પેલાએ કહ્યું હા ભાઇ, હવે આપ સૂઇ જાવ.

નાના ભાઇએ પહેરો ભરવો શરૂ કર્યો. તેને પણ ઉંઘ આવવા લાગી. તેણે પણ બીડી પીવા માટે દીવાસળી શોધી પણ પત્તો લાગ્યો નહીં. તેણે દૂર દૂર જંગલમાં દવ બળતો જોયો. તેણે વિચાર્યું લાવ ત્યાં જઇને બીડી સળગાવી આવું. આમ વિચાર કરી તે ત્યાં જવા નીકળ્યો.

આ જગ્યાએ સો ભૂતો બેસીને માંહે માંહે લડતાં હતાં. એ લોકો પાસે ૯૯ માથાં હતાં ને સો વચ્ચે વહેંચવાં કેવી રીતે.

આ નાના ભાઇને જોઇને પેલા લોકો હસવા લાગ્યા. તેમને તો એકસોમું માથું જોઇતું હતું તે મળી ગયું. આથી તેઓ ખુશ થઇને હસવા લાગ્યા. પેલો હિંમત હાર્યો નહીં તેણે પેલા ભૂતને પૂછ્યું, 'તમે શું હસો છો ?' પેલાએ પણ ભૂતની જેમ ખૂબ હસવા માંડયું. ભૂતના નાયકે કહ્યું, 'અમે તો એ હસતા હતા કે અમારે સોમું માથું જોઇતું હતું તે મળી ગયું. અમે સો જણા છીએ અને અમારી પાસે

૯૯ માથા હતા એટલે તેને કેવી રીતે વહેંચવા તેની અમારી વચ્ચે તકરાર પડી હતી. હવે એ અમારે એ તકરાર મટી ગઇ. અમને સો મું માથું મળી ગયું.'

પેલા નાના ભાઇએ કહ્યુ, 'મને તો એ હસવું આવ્યું હતું કે હું સો ભૂતોને શોધવા નીકળેલો તે મને અહીં જ વગર મહેનતે મળી ગયા. હવે હું તમારા બધાના ચામડા ઉતારીશ. મારો રાજા એ ચામડા વડે કાલે નગારા મઢાવવાનો છે. મને એ ચામડા શોધી લાવવા માટે મોકલ્યો હતો. મારે તો ફરવું જ મટી ગયું.' આ સાંભળીને ભૂત ગભરાવવા લાગ્યા. તેમને થયુ કે આ કોઇ માથાનો નીકળ્યો. ભૂતોનો સરદાર તેમને રીઝવવા લાગ્યો કે મહારાજ અમને જવા દો આજે અમોને મારી નાખો નહીં પણ હું તમને એક વાળ આપું છું. તેને ધૂપ આપજો એટલે તમોને સો ભૂતના ચામડા મળી જશે. નાના ભાઇએ કહ્યુ 'જો કાલે હાજર ન થયા તો ચાવતી કાલે આવીને તમારા ચામડા ઉતારીશ.' સરદારે વચન આપ્યું પેલો નાનો ભાઇ વાળ લઇને શબ પાસે પહોંચી ગયો. એટલામાં રાજા પોતાના માણસો સાથે આવી પહોંચ્યો. સુખડની ચિતા પર રાણીને અગ્નિદાહ દેવામાં આવ્યો.

રાણીના મૃત્યુ પછી ત્રીજા દિવસે રાજાએ પેલા ચારે ભાઇઓને બોલાવ્યા. રાજાએ પૂછ્યુ, 'તમોએ રાણીના શબની બરોબર રખેવાળી કરેલી કે?' બધાએ કહ્યું, 'હા મહારાજ, એમ કંઇ બેવફા થવાય ખરું.' પણ તમે બરાબર ચોકી કરી એનો કંઇ પૂરાવો ખરો.

પહેલા ભાઇએ કહ્યુ, 'હા સાહેબ હું જયારે ચોકી કરતો હતો ત્યારે દૂર કંઇ લાલ લાલ દેખાતું હતું. હું ત્યાં બીડી સળગાવવા ગયો. ત્યાં જઇને જોઉં છું તો ત્યાં ડાકણ રડયા કરે. મેં એને પૂછ્યુ, 'તું કેમ રડે છે?' તેણે કહ્યુ, 'મને તું પેલા ફાંસીએ લટકાવેલા માણસનું ડોકું ન કાપી આપે.' મેં કહ્યું, 'હા જરૂર તમારો હાથ લંબાવો' ડાકણે જેવો હાથ લંબાવ્યો એટલે મેં તેનો હાથ કાપી નાખ્યો. તેનો કંઇ પૂરાવો ખરો કે? મહારાજે પૂછ્યુ. 'હા મહારાજ પેલાએ કહ્યું. તેણે પેલો હાથ ગજવામાંથી કાઢીને આપ્યો. રાજા ખુશ ખુશ થઇ ગયો અને જાહેર કર્યું કે . તને સો રૂપિયા ઇનામ આપવામાં આવશે.



રાજાએ બીજા ભાઇને પૂછ્યુ, તમારા પહેરામાં શું બનાવ બન્યો તે જણાવો. પેલાએ કહ્યું, 'મહારાજ મારા સમય દરમિયાન કંઇ બન્યું ન હતું' તો તમે પહેરો ભર્યો છે એની ખાતરી શી? રાજાએ કહ્યું. લાચાર થઇને કહ્યું મહારાજ હું જે વખતે પહેરો ભરતો હતો તે વખતે રાણીનું શબ ઊભું થઇ ગયું. તેણે મને કહ્યું, 'મહેલને ચોથે માળે મારી સાડી રહી ગઇ છે તે લઇ આવ.' હું મહેલ પાસે આવ્યો એટલે બધા ઊંઘી ગયેલા. હું ચોથે માળેથી તે સાડી લઇ ગયો અને રાણીને તે સાડી ઓઢાડી. તમે તે સાડી અગ્નિદાહ વખતે જોઇ હશે.' શાબાશ હું તે સાડી ઓઢાડવા ભૂલી ગયો હતો. એ કામ બદલ તને ધન્યવાદ અને એક હજાર રૂપિયા પગાર.

રાજાએ ત્રીજા ભાઇને એની કથા વર્ણવા કહ્યું. તેણે કહ્યું, 'આપ આપની કુંવરીને બોલાવો. તે બધી વાત કરશે.' રાજાએ કુંવરીને બોલાવી. તેણે બધી વાતો કરી. રાજા પેલા પર ખુશ થઇ ગયા. 'શાબાશ ખરો નીમક હલાલ. તેં જ મારી કુંવરીને બચાવી. જા તે બદલ તને બે હજાર રૂપિયા ઇનામ.

છેવટ નાના ભાઇનો વારો આવ્યો. તેણે કહ્યું હું દૂર જંગલમાં બીડી સળગાવવા ગયો. તો ત્યાં મેં સો ભૂતોને જોયા તેઓ મને જોઇને હસવા લાગ્યા. મેં તેમને કારણ પૂછ્યું 'તેઓએ કહ્યુ કે અમારી વચ્ચે એક માથા માટે તકરાર ચાલતી હતી. હવે તમે મળી ગયા એટલે અમારી તકરાર મટી ગઇ. હું તેમનાથી ડરી ગયો નહીં અને કહ્યુ કે મને તો અણધાર્યો લાભ થયો. મારે સો ભૂતના ચામડા જોઇતા હતા, તે મને અહીં જ મળી ગયા. સવારમાં રાજા તેના નગારા મઢાવવાનો છે. આ વાત સાંભળી તેઓ ગભરાયા અને તેમના જીવ બચાવવા કહ્યું. તેમણે મને એક વાળ આપ્યો અને કહ્યુ કે તમે આનો ધૂપ કરશો એટલે સો ચામડા હાજર

પણ આજે અમારો જીવ બચાવો. મેં તેમને છોડી મૂકયા. 'ચાલ લાવ થોડો અગ્નિ અને ધૂપ લાવો.' રાજાએ પેલાને ધૂપ કરવા કહ્યું. નાના ભાઇએ વાળનો જેવો ધૂપ કર્યો એટલે દરબારમા સો ચામડા હાજર થઇ ગયા. આ જોઇને તો રાજા હેત પામી ગયા અને ૩૦૦૦ રૂપિયા ઇનામ આપ્યું.

આ પછી પેલા ભાઇઓ પોતાને વતન ગયા અને તેમની પત્નીઓ સાથે આનંદથી રહેવા લાગ્યા.

## વાર્તા ત્રીજી

રામપુર નામે શહેરમા એક શેઠ રહેતા હતા. તેમનુ નામ મનસુખ શેઠ. શેઠની સ્થિતિ નબળી હતી. એટલે આછુ પાતળું જે કંઇ મળતું તે ખાઇને દિવસો ગુજારતા હતા. શેઠને એક છોકરી હતી. શેઠની ઉંમર થવા આવી પણ તેમને પુત્ર પ્રાપ્ત થયો નહીં. શેઠની દિકરી દરરોજ ભગવાનને પ્રાર્થના કરે કે, 'હે ભગવાન તું મને એક ભાઇ આપજે.' પોતાના પિતાને દરરોજ ચામા લસણ નાખીને પાતી હતી. ગમે તેમ હોય પણ શેઠને ૬૦ વરસે તેમને ત્યાં પુત્રનો પ્રસવ થયો. શેઠ અને છોકરી બન્ને ખૂબ ખુશ થયા.

આમને આમ વરસ વિતવા લાગ્યા. છોકરા અને છોકરી મોટા થવા લાગ્યા. આ અરસામા શેઠના પત્ની દેવલોક પામ્યા. મહાજને મનસુખ શેઠને પૈસા વગર આપી શેઠ ની ઉત્તરક્રિયા કરાવી.

મનસુખ શેઠની દિકરી પણ દિવસે ન વધે એટલી રાત્રે વધવા લાગી. શેઠને તેના લગ્નની ફિકર થવા લાગી. વળી પાછુ મહાજન શેઠની વહારે ધાયું. અને શેઠને છોકરી પરણાવવામા મદદ કરી. ગમે તે રીતે શેઠે પોતાની દિકરી



પરણાવી દીધી. આ બાજુ છોકરો પણ અભ્યાસ કરતો હતો. શેઠાણી અને દિકરી જવાથી શેઠને રાંધી ખાવાની મુશ્કેલી ઊભી થઇ. મહાજને વિચાર્યું કે શેઠને રાંધવા કરવાની ખૂબ જ મુશ્કેલી પડે છે. ચાલો તેના દીકરાના લગ્ન કરાવી આપીએ.

મનસુખ શેઠે ભાટને યોગ્ય કન્યા શોધી લાવવા માટે મોકલી આપ્યો. ભાટ જઇને પૂછે તો બધા જ ના પાડે. ભાઇ અમારે અમારી દિકરીને દુઃખમા નથી નાખવી. આખરે તે એક નગરશેઠને ત્યાં આવી પહોંચ્યો. શેઠે કહ્યું, 'આવો મહારાજ, કેમ પધારવુ થયુ' ભાટે શેઠને આવવાનુ કારણ કહ્યું. શેઠ અને શેઠાણી વિચાર કરવા લાગ્યા. તેઓએ વિચાર કર્યો. મનસુખ શેઠને ત્યાં ખાવાના ફાંફા છે ત્યાં આપણે આપણી છોકરી કયાં નાખીએ. છોકરી માત પિતાની વાત સાંભળતી હતી. તેણીને થયું પરણું તો આ છોકરાને જ પરણું બીજા કોઇ છોકરા સાથે લગ્ન કરીશ નહીં. એ કોઇ ઢાંકેલું રતન લાગે છે. દિકરીએ પોતાનો વિચાર માત પિતાને જણાવ્યો. દિકરીનો આવો વિચાર જાણી માતા પિતાએ ભાટની વાત કબૂલ રાખી અને આઠ દિવસ પછી મનસુખ શેઠને જાન લઇ આવવા કહ્યું.

મનસુખ શેઠ આઠ દિવસ પછી જાન લઇ આવ્યા. પોતા પાસે તો કંઇ પૈસા ટકા મળે નહીં એટલે મહાજને જે કંઇ મદદ કરી તેમાથી પોતાના દીકરાની જાન કાઢી. દીકરાના લગ્ન થઇ ગયા એટલે મનસુખ શેઠને રાંધવાની મુશ્કેલી ટળી.

શેઠે વહુને કહ્યું, 'દિકરી અહીં તારા મા બાપની પેઠે ધનના ભંડાર ભરેલા નથી. જે કંઇ પૈસા મળે તેમાથી આછુ પાતળું કરીને આપણે તો જીવન ગુજારો ચલાવવાનો છે.' વહુએ કહ્યું, 'ફિકર નહીં કરો પિતાજી. હું બધુ ઠીક ઠીક સમજુ છું.' વહુનો આ ઉત્તર સાંભળીને શેઠને શાંતિ વળી. વહુ કુળ ઉજાળે એવી લાગે છે એમ શેઠને ખાતરી થઇ.

આમ થોડા વરસો ગયા એટલે શેઠને પોતાનું મૃત્યુ હાથવેંતમાં જ લાગ્યું. શેઠે એક દિવસ પોતાના દીકરાને બોલાવ્યો. તેને પોતાના ઘરના ભોંયરામાં જે ધનનો ભંડારો હતા તે બધા દેખાડવામાં આવ્યા. એ ભોંયરામાં જુદા જુદા ઓરડા હતા. અને તે જુદી જુદી વસ્તુથી ભરેલા હતા. એકમાં એકલા રોકડા રૂપિયા, બીજામાં ગીની, તો ત્રીજામાં સોનાના ખુમચા, વાટકા, સોનાની ખુરશી, ટેબલ વગેરે બધું જ હતું. શેઠે કહ્યું, 'જોયું દીકરા?' આ બધું ધન મેં જે રીતે વાપર્યું તે જ રીતે વાપરવાનું છે. થોડું થોડું લાવીને ખાવાનું, આતો રાજાને બતાવવાનું છે નહીં કે મામુલી શેઠીયાઓને. આ બનાવ પછી શેઠ ત્રણેક દિવસમાં મરણ પામ્યા. મહાજનની મદદથી મનસુખ શેઠની ઉત્તરક્રિયા કરાવવામાં આવી. પિતાના અવસાન પછી દીકરો અને વહુ પણ તેમના પિતાની માફક જીવન જીવવા લાગ્યા. આમ ચાલ્યા કરતું હતું એટલે સિંહલદ્વિપના રાજાએ હિંદુસ્તાનના લોકોની પરિસ્થિતિ જોવા માણસો મોકલ્યા. હિન્દુસ્તાનમાં કેટલું ધન છે તેની તપાસ કરાવવાનો તેનો આશય હતો.

આ માણસો તો આખા શહેરમાં અને દેશમાં ફરી વળ્યા. પણ એમણે કયાંયે સોનાની થાળી, વાટકી, ખુરશી, ટેબલ જોવા મળ્યા નહીં. આખરે તેઓ મનસુખ શેઠના ઘર આગળથી પસાર થતા હતા. શેઠના દીકરાને આ વાતની ખબર પડી ગઈ હતી એટલે તેણે પોતાનું ધન બતાવી રાજાનું અભિમાન ઉતારવાનો ઠીક મોકો જોયો. તેણે પોતાની વહુને બરાબર સમજાવી રાખી.

પેલા લોકો જયારે ત્યાંથી પસાર થતા હતા ત્યારે દીકરાએ તેમને આજીજી કરી પધારવા કહ્યું. પેલા લોકોએ વિચાર્યું કે આ ગરીબને ઘેર જવું નકામું છે. પણ પેલાની ભારે વિનવણી પછી તેઓ તેમના ઘરમાં ગયા. શેઠે તો ચા મૂકાવી. શેઠાણીએ ચા તૈયાર કરી સોનાના કપ રકાબીમાં મોકલાવી આપી. પેલા દૂતો તો આ જોઈનવાઈ પામી ગયા, કે આ ફકીર જેવાના ઘરમાં સોનાના કપ રકાબી.



તેઓ તો આ વિસામણમાં ચા પીવાનું ભૂલી ગયા. શેઠે તેમને ચા પીવા કહ્યું. ચા પાણી પૂરા કર્યા પછી તેઓએ રજા માગી. ત્યારે તેણે કહ્યું, હવે ભોજન કર્યા સિવાય થોડું જવાય. ભોજન કરીને જ જજો. શેઠાણીએ સારી સારી વાનગીઓ બનાવી દીધી. પછી સોનાના ટેબલ ખુરશી કાઢી . તે પર બધી થાળીઓ ગોઠવી દીધી. આ જોઈને તો પેલા મહેમાનો અચંબો પામી ગયા.

ભોજન કરી રહ્યા પછી પેલા લોકોએ વાત કરી કે અમે તો હિંદુસ્તાનનું ધન જોવા આવેલા, પણ તેના ખરેખરા દર્શન અમોને અહીં જ થયા.

શેઠે કહ્યું કે તારા રાજાને જો ધન જોઈતું હોય તો ગાડા મોકલજો. હું ભરી આપીશ.

પેલાઓએ તો જઈને વાત કરી. રાજાએ ગાડા મોકલાવ્યા પણ વાણિયાનું ધન તો ઘટે જ નહીં. ગાડા પર ગાડા ભરાઈને ધન તેમના ઘરમાંથી નીકળવા માંડયું. આ જોઈને ગામના મહાજનો આંગળા કરડવા લાગ્યા, ભલા મનસુખ શેઠ ચાના ચાનાનું લાવીને મરી ગયો અને તેની પાસે આટલું બધું દ્રવ્ય, ખરેખર પૈસા તો એણે જ પચાવી જાણ્યા.

રાજા તો ધનના ગાલ્લા આવતા જોઈને ચકિત થઈ ગયો. તે તો દોડતો આવી શેઠને ઘૂંટણે પડી કહેવા લાગ્યો, 'શેઠ હું રાજા કે તમે.' લો આ રાજ્યની તિજોરીની ચાવી. આથી તમે આ રાજ્યના રાજા. પછી તો પેલા વણિકે ખાધું પીધું ને મોજ કરી.

## વાર્તા ચોથી

### કહ્યું કંઇ ને સાંભળ્યું કંઇ

એક ખેડૂત પોતાના ખેતરમાં હળ ચલાવી રહયો હતો. ત્યાંથી વટેમાર્ગુ નીકળ્યો. તેણે ખેડૂત પાસે આવીને પૂછયું : મારે બાજુના ગામે જવું છે તો કયા રસ્તે જવાનું ?'

ખેડૂતે બળદ ઊભા રાખીને કહયું 'આ ધોળો બળદ છે તે હજાર રૂપિયાનો અને કાળો છે તે બે હજારનો.' પેલો મુસાફર વાત પામી ગયો અને હસતાં હસતાં જતો રહયો.

બપોર થયા ત્યારે તેની પત્ની ભાત લઇને આવી. થાકયો પાકયો તે જમવા બેઠો. જમતાં જમતાં બાજુમાં બેઠેલી પત્નીને કહયું 'આજે તો એક વટેમાર્ગુએ બળદનો ભાવ પૂછયો, અને મેં તેને કહી દીધું કે ધોળો બળદ હજારનો અને કાળો બે હજારનો. બિચારો ભાવ સાંભળીને જ ચાલતો થયો.'

તેની વહુ છણકો કરતી બોલી, 'એમાં મને શું કહો છો ? મેં કંઇ થોડી ખીચડી બનાવી છે ? ખીચડી તો તમારી માએ બનાવી છે. ખેડૂત હસતાં હસતાં ખાવા લાગ્યો.

વહુ ઘેર આવી ત્યારે તેની સાસુ દાણા વીણી રહયા હતાં. તેમની બાજુમાં બેસી વહુએ કહયું આજે તમારા દીકરાને ખીચડી ખાટી પડી અને મારી ઉપર ગરમ થઇ ગયા.

ડોસીનું મોં ગુસ્સાથી લાલચોળ થઇ ગયું અને બોલી ઊઠી, 'મેં કયારે ચાળો કર્યો જેની લ્હાય લાગી ? હજી તો ડોસા જીવે છે જા તારું કામ કર.'



ડોસી દાણા જોવાનું બંધ કરીને ખાટલા પર હુકકો ગગડાવતા ડોસા પાસે આવી અને આંસુ સારતાં બોલી, 'મેં આજે કયારે ચાળો કર્યો જે તમારા દીકરાની વહુથી સહન ન થયું કેટલું યે બોલી ગઇ. એને સમજાવી દો.

ડોસાએ હુકકાની જ નળી મોંમાથી કાઢીને કહયું, 'હશે તું ય ખરી છે ને ? મેં કયારે તલ ખાધા ? મને તો ખબર જ નથી અને તું મારું નામ દે છે ખોટેખોટું. કહીને કપડાં સુકવતી તેની દિકરી પાસે ગયો અને બોલી ઊઠયો, 'જો ને દિકરી તારી મા મારા પર જુઠ્ઠુંજુઠ્ઠું આળ ચઢાવે છે અને કહે છે કે તમે ચોરીછૂપીથી તલ ખાધા. હું તો જાણતો ય નથી.'

કપડાં સુકવીને સાડીના પાલવથી હાથ લૂછતી મરક મરક હસતી દિકરી બોલી, 'તો એમાં મને શું પૂછો છો ? બાપા ? તમને જયાં મન પડે ત્યાં ગોઠવી દો. મને શું પૂછો છો બાપા ? મને તો જયાં નાતરે મોકલશો ત્યાં હું તો જઇશ.

આમ ઘરમાં રહેતી પાંચે ય વ્યકિત બહેરી હતી. તેમ છતાં ઘરનું તંત્ર વ્યવસ્થિત ચાલતું હતું.

## વાર્તા પાંચમી

### બુધિયાની બુધ્ધી

એક રાજા હતો. તેના નગરમાં સુખ સમૃધ્ધિ ભરપૂર હતી. તેથી ત્યાંના લોકો સુખી હતા. રાજા ગરીબ પ્રત્યે દયાભાવ રાખતો હોવાથી ગરીબોનો બેલી કહેવાતો હતો. આ નગરમાં એક બુધિયા નામનો જુવાન રહેતો હતો. તે ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતો. તેના બાપ ગુજરી ગયા ત્યારે મરતાં મરતાં કહેતા ગયેલા કે 'બેટા બુધિયા વૈરી જાતનો ભરોસો નહીં રાખવો. અને પૂરેપૂરી વાત કરવી નહીં.'

તેના બાપ ગુજરી ગયા પછી એકવાર બુધિયો સાંજે ખેતરથી ઘર આવતો હતો. રસ્તામાં સરોવર આવ્યું. બુધિયો ઊભો રહયો. હાથ-પગ ધોવાનું મન થતાં તે સરોવર તરફ ગયો. તેની નજર થોડે દૂર સ્નાન કરી રહેલી રૂપસુંદરી પર પડી. બુધિયાએ જોયું તો કિનારે ઝાડ નીચે કિંમતી કપડાં અને દાગીના પડયા હતા. નવલખો હાર ચળકાટ મારી રહયો હતો.

સરોવરમાં સ્નાન કરતી રૂપસુંદરી તરફ ધ્યાનથી જોઇને બુધિયો મનમાં બોલી ઊઠયો 'આતો રાણી બા છે. અને પેલો... પેલો બાજુના રાજનો રાજા છે. બને કેવાં ગેલ કરે છે.

હાથ પગ ધોવાનું માંડીવાળીને બુધિયો ધીમેથી ઝાડ પાસે ગયો અને પેલો ચળકાટ મારતો હાર, રાણી બા અને રાજા ન જુએ તે રીતે સરકાવી લીધો. અને ઘર તરફ ચાલવો માંડયો. ચાલતાં ચાલતાં રસ્તામાં તરબૂચની વાડી આવી. એક તરબૂચ તોડી લીધું અને ઝડપભેર ઘેર આવ્યો. તેની વહુ સનકી તેની રાહ જોઇને બેઠી હતી. બંને બેઠાં બેઠાં તરબૂચ કાપીને . ખાવા લાગ્યાં, ત્યારે બુધિયાને પેલો હાર યાદ આવ્યો. ખિસ્સામાંથી કાઢીને તે સનકીને આપ્યો અને કહયું કે હું તારા માટે લાવ્યો છું. સનકી તો રાજીની રેડ થઇ ગઇ. અને પૂછયું, 'બુધિયા કયાંથી લાવ્યો ?'

બુધિયાએ કહયું 'જા 'જયાંથી લાવ્યો હોઇશ ત્યાંથી તારે શી પંચાત.' અત્યારે પેટીમાં મૂકી દે કોઇને કહેતી નહીં.

સનકીએ એ હાર પેટીમાં મૂકી દીધો.

બીજા દિવસે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કોઇ હાર શોધી આપશે તેને સો સોનામહોર ભેટ આપવામાં આવશે.



વહેલી સવારે બુધિયો ખેતરે ગયો અને સનકી પાણી ભરવા ચાલી. પાણી ભરતાં ભરતાં તેની બહેનપણી મંગલી સાથે વાતો કરતાં રાજાના ઢંઢેરાની વાત નીકળી ત્યારે સનકીએ કહયું 'હાર મળવાનો જ નથી ને. કારણ કે હાર તો મારા ઘરમાં છે.'

મંગલી જાણી ગઇ અને તેણે રાજાને ફરિયાદ કરી. રાજાએ દરબાર ભર્યો અને સનકીને બોલાવી. સિપાઇઓ સનકીને લઇને રાજદરબારમાં આવ્યા. રાજાએ સનકીને પૂછયું, 'સાચું બોલ હાર તારા ઘરમાં છે ? જો જુઠું બોલીશ તો ઘાણીએ ઘાલીને તારું તેલ કઢાવીશ.

સનકી તો બીકની મારી બોલી ગઇ કે હા અન્નદાતા, કાલે બુધિયો હાર લાવ્યો હતો. અને તે પેટીમાં મૂકયો છે. રાજાએ બુધિયાને બોલાવવા અને પેટી રાજદરબારમાં હાજર કરવાનું કહયું.

થોડા સમયમાં પેટી રાજદરબારમાં રજૂ કરવામાં આવી. બુધિયાને પણ સિપાઇઓ તેડી લાવ્યા.

રાજાએ પેટી ખોલી તો અંદર હાર જોવા ન મળ્યો. ત્યારે રાજાએ બુધિયાને ગુસ્સામાં કહયું 'બુધિયા તારી વહુએ બધી વાત કરી દીધી છે. તે હાર કયાં ગુમ કર્યો? સાચે સાચું કહી દે નહીં તો તારા ટૂકડા કરીશ.'

બુધિયાએ પહેરણના ખિસ્સામાંથી હાર કાઢયો અને કહયું, નામદાર આપને અરજ કરવાની છે કે, હું . જાતે આવીને આજે ખાનગીમાં હાર આપી, એક વાત કરવાનો હતો. પરંતુ તે પહેલાં મારી વહુના પેટમાં વાત ન ટકી અને મને અહીં બાંધીને લાવવામાં આવ્યો. હવે મારે ખાનગી વાત જાહેર કરવી પડશે.

રાજાએ કહયું, 'જે કંઇ હોય તે સાચેસાચું કહી દે બુધિયા તેનો ન્યાય કરવામાં આવશે.

બુધિયાએ હાર સિપાઇને સોંપ્યો અને ખોખારો ખાઇને બોલ્યો 'મહારાજ, ગઇ કાલે સાંજે હું ખેતરથી ઘેર આવતો હતો. રસ્તામાં આવતાં તળાવને કાંઠે હાથ પગ ધોવાનું મન થયું. તળાવમાં જોયું તો રાણીબા અને કોઇ અજાણ્યો રાજવી એક બીજા પર પાણી છાંટીને ગેલ કરતાં હતાં. મનમાં થયું કે રાજાને વાત કરી દઉં. અને રાણીબા કહે છે કે હું તળાવે ગઇ જ નહોતી. તો ? ત...તો બુધિયાના રામ જ રમી જાય. આમ વિચાર કરતો હતો ત્યાં કિનારે ઝાડ નીચે રાણીબાના કપડાં અને દાગીના પડયા હતા. તેમાંથી હાર લઇ લીધો. અને મનમાં નક્કી કર્યું કે રાજા સાહેબ સાચું ન માને તો આ હાર તળાવને કાંઠેથી લેતો આવ્યો છું. એને સાબિતી રૂપે આપવો. આમ બધી વાત આપને ખાનગીમાં કહેવાની હતી પણ હવે આ વાત મારે જાહેરમાં કરવી પડે છે. આમ કહીને બુધિયો ચૂપ થયો.

આખા દરબારમાં સન્નાટો વ્યાપી ગયો. રાજાએ રાણીને બોલાવીને પૂછ્યું. રાણીએ કબૂલી લીધું. રાજાએ બુધિયાને નિર્દોષ જાહેર કરીને છોડી મૂકયો અને સો સોનામહોર ભેટ આપી.

રાજાએ રાણીને બદલચન માટે ફારગતી આપી અને ફરીવાર લગ્ન કર્યાં. અને બુધિયાએ પણ બાપની શીખામણ ના માની અને સનકીને વાત કહી, અને સનકીએ ભર્યા દરબારમાં ચોર સાબિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હોવાથી, ભૂલ સુધારી લેતાં સનકીને ફારગતી આપી અને સો સોનામહોર ખર્ચીને બુધિયાએ ફરીવાર લગ્ન કર્યાં.

## વાર્તા છઠ્ઠી

--------

## લાલ બાદશાહ

----------

એક રાજવી હતા. તેમની પાસે રાજપાટ, ઠાઠમાઠ, ધનદૌલત બધું જ હતું. તેમને રૂપરૂપના અંબારસમી રાણીબા હતા. રાણીને સારા દિવસો રહયા હોવાથી



રાજાને આનંદનો કોઇ પાર રહયો નહોતો. રાજા અને રાણી રાજમહેલથી થોડે દૂર આવેલા સરોવરને કાંઠે દરરોજ સાંજે ફરવા જતા.

એક દિવસ સાંજે ફરતા ફરતા રાજાએ અને રાણી સરોવરને કાંઠે આવીને બેઠાં. સરોવરમાં તરતા હંસને જોઇને રાજાએ રાણીને પૂછયું 'રાણી હંસ શું ચરતા હશે ? દાણા કે મોતી ?'

રાણીએ કહયું કે શરત રાખો કે જે હારે તે ૨૪ વર્ષ દેશવટે જાય. તો જ કહું.

રાજા કબૂલ થયા. ત્યારે રાણીએ હસતા હસતા કહયું 'ખાવંદ એ જમાના ગયા, જયારે હંસલા મોતી ચરતા હતા, હવે તો દાણા ચણે છે.

રાજાએ કહયું ખોટી વાત રાણી. હંસ તો હમેશા મોતીનો જ ચારો ચરે. સારું ત્યારે આ નજીક આવેલા હંસ પાસે હારમાંથી એક મોતી તોડીને નાખો ખબર પડી જશે.

રાજાએ હારમાંથી એક મોતી તોડીને હંસને આપ્યું. હંસ ડૂબકી મારીને મોતી પકડવાને બદલે દૂર જતો રહયો. રાજાની હાર થઇ. ત્યારે રાણી ખુશ થતા તાલી પાડીને બોલી ઊઠી 'હવે તો ૨૪ વરસ તમારે દેશવટે જવાનું બરોબર ને ?'

રાજા માથું હલાવતા બોલ્યા 'એમ નહીં, રાજદરબારમાં ન્યાય તોલીએ અને દરબારીઓ જે ન્યાય આપે તે મને મંજૂર છે. કહીને ઘેર આવ્યા.

બીજા દિવસે દરબાર ભરાયો. અને ભર્યા દરબારમાં રાજાએ સાંજની બધી વાત કહી અને ન્યાય આપવા કહયું.

દૂતે તથા નગરજનોએ ન્યાય આપ્યો કે હંસ મોતીનો ચારો ચરે, દાણાનો નહીં. રાણીએ દલીલ કરી નહીં અને ન્યાય માથે ચઢાવીને ૨૪ વરસ વનવાસી

જીવન માટે ચાલી નીકળી. રાજાને પસ્તાવો થયો. રાણીને નહીં જવા કહયું પરંતુ
રાણી તો વનવાસ માટે ચાલી નીકળ્યા. વનમાં રૂપરૂપના અંબારસમા દીકરાનો
જન્મ થયો. તેના ગાલ પર લાલ રંગનું લાખુ હતું તેથી તેનું નામ લાલ બાદશાહ
પાડયું. રાજાએ બાર વરસ પછી પોતાની રાણી અને કુંવરની શોધ કરાવી. તે
વખતે એક હજામડી પોતાના કારિયાને લઇને રાજદરબારમાં પહોંચી. અને રાજાને
કહયું કે 'આ તમારો લાલ બાદશાહ જંગલમાંથી મળ્યો હતો. અને તેને મેં ઉછેર્યો
છે. રાજાએ હજામડીના દીકરાને લાલબાદશાહ માની લીધો અને તેને રાજતીલક
કર્યું. બાર વરસ પછી રાજાનું મૃત્યુ થતા કારિયો રાજગાદી પર બેઠો. તેના
મનમાં સંકોચ થતો હતો. તેણે લાલબાદશાહની તપાસ કરવા સિપાઇઓને મોકલ્યા.
અને રાજ જયોતિષી પાસે મૂહૂર્ત કઢાવીને મનમાં નકકી કર્યું કે લાલબાદશાહ મળી
જાય તો સારું મૂહૂર્ત જોઇને રાજગાદીએ બેસાડી દેવો. અને સાચા ગાદીના વારસને
ગાદી સોંપી દેવી. એ સમયે જયોતિષીઓએ ભવિષ્યવાણી ઉચારતા કહયું કે
'લાલ બાદશાહના લગ્ન થશે તે દિવસે ' જ તેનું મૃત્યુ થશે. કારિયો આ સાંભળીને
ચમકી ગયો. લાલબાદશાહની શોધ સિપાઇઓ કરી લાવ્યા. તેમને દરબારમાં
હાજર કર્યા. કારિયાએ બધી વાત કરી અને રાજગાદી પર બેસાડયો. અને
લાલબાદશાહના ઘડિયા લગ્ન રાજકુંવરી સાથે જોડાયા. લગ્નના દિવસે લાલબાદશાહના
મૃત્યુની કારિયાને ખબર હતી. તેથી તેની સાથે જ રહયો. અને લાલબાદશાહને
જાંબુ ન ખાવા દીધા તથા લીલા દાતણ ન કરવા દીધા, પરબે પાણી ન પીવા
દીધુ. જાન ઘેર લાવતા પોતાની ઘોડી પર લાલબાદશાહને બેસાડયો. દરબારમાં
પ્રવેશ કરતા કદાચ દરવાજો તૂટી પડે એ બીકે કારિયાએ ઘોડા પર બેસીને
દરવાજો કુદાવ્યો અને અંદર લઇ ગયો.



અત્યારસુધી લાલબાદશાહને બચાવ્યો પણ રાત્રે શું થશે એમ કારિયો વિચારતો
હતો. કારિયો વર વહુના શયનખંડમાં અગાઉથી પેસી ગયો. લગ્નની ધમાલથી
થાકેલા લાલબાદશાહ અને રાણી સૂઇ ગયા. પલંગ પર લટકતા મોગરાના ફૂલની
માળામાં સાપને જોઇને કારિયો ચોંકી ઉઠયો. ઝડપથી મ્યાનમાંથી તલવાર ખેંચીને
નાગનું ડોકુ ઉડાવી દીધું. નાગના લોહીની ધાર સીધી કારિયાના મુખ પર પડી.
લોહી સાફ કરવા જતા હાથની કોણી લાલબાદશાહને વાગી જતા તે એકદમ જાગી
ગયો. કારિયાને પોતાના શયનખંડમાં આવેલો જોઇને ગુસ્સે ભરાયેલા લાલબાદશાહે
કારિયાની તલવાર આંચકી લીધી અને તેના પેટમાં ખોસી દીધી.

મરતા મરતા કારિયાએ કહયું, 'હે ભગવાન હું સાચો . હોઉં તો મને
પથ્થરનો બનાવી દો. કારિયો મરતા મરતા બધી વાત લાલબાદશાહને કહે છે
કે તમને બચાવવા માટે મારે આમ કરવું પડયું. કારિયો જેમ જેમ પોતાની વાત
કહેતો ગયો તેમ તેનો આકાર પથ્થરનો થતો ગયો. સાચી વાત સાંભળીને લાલબાદશાહની
આંખમાં આંસૂ આવી ગયા અને પોતાની ભૂલનો પસ્તાવો કરતા કહયું 'તમારા
પરોપકારનો બદલો મેં સારો આપ્યો નહીં તેથી મારી ભૂલ સુધારવા અને તમને
સજીવન કઇ રીતે કરવા તે કહો, તે માટે મારો જાન આપી દેતા પણ હું
ખચકાઇશ નહીં.'

કારિયાએ કહયું, ' તારુ પહેલું સંતાન થાય તેની ટચલી આંગળીનું લોહી
આ પથ્થર પર છાંટજે, એટલે હું જીવતો થઇશ. ' એમ કહી કારિયો જડ પથ્થર
બની ગયો.

દિવસો ગણતા ગણતા માસ ગયા અને નવ માસ પછી રાણીના કૂખે પુત્રનો
જન્મ થયો. પુત્ર સવા મહિનાનો થતા લાલબાદશાહ અને રાણી દીકરાને લઇને

મંદિરમાં રાખેલા કારિયાના પથ્થર પાસે આવ્યા. પૂજાવિધિ કરીને બાળકની ટચલી આંગળી પર નસ્તર મૂકીને લોહીના બે ટીપા પથ્થર પર નાખતા પથ્થરનો આકાર બદલાયો અને થોડીવાર પછી કારિયો આળસ મરડીને ઊભો થયો. લાલબાદશાહ અને રાણી તેના પગમાં પડયા અને પછી ખાધુ પીધુ અને રાજ કર્યું.

## વાર્તા સાતમી

## વાઘરાભાઇનો ન્યાય

એક ડોસી હતી તે તેના  દીકરાને ત્યાં મહેમાનગતી કરવા જતી હતી. ત્યારે ચાલતા રસ્તામાં એક ગાઢ જંગલ આવ્યું. તે જંગલમાં માણસનું લોહી ચાખેલ એક વિકરાળ વાઘ રહેતો હતો. તેણે બાજુના ગામમાથી ઘણી વ્યકિતઓને ફાડી ખાધી હતી. તેથી તે ગામના સરપંચે સરકારશ્રીને જાણ કરી. જંગલખાતાના માણસોએ આવીને વાઘને પાંજરામાં પૂરી દીધો અને પાંજરું જંગલમાં મૂકી આવ્યા.

ડોસાને તે જ રસ્તે પોતાની દીકરને . ત્યાં જવાનું હતું. ચાલતા ચાલતા જંગલ વીંધતા પાંજરા પાસેથી પસાર થતો હતો ત્યારે પાંજરામાથી વાઘ બોલ્યો, 'ડોસાબાપા મને આ પાંજરામાથી છોડાવો તો તારા જેવો ભગવાન પણ નહીં.'

ડોસો ઊભો રહ્યો અને  : કહ્યું, 'હું તને છોડાવું તો ખરો પણ તું મને જ ખાઇ જાય તો? ત્યારે વાઘ કગરતા બોલ્યો, 'ડોસાબાપા મને છોડાવો  . હું તમને પગે પડું છું. તમને નહીં ખાઉં. ડોસા દયાળુ અને જીવના ભોળા હતા. તેથી દયાને વશ થઇ ડોસાએ વાઘને પાંજરામાથી છોડી મૂકયો.

વાઘ બહાર આવીને ડોસાને કહેવા લાગ્યો. 'છેલ્લા આઠ દિવસથી હું ભૂખ્યો છું, તમે જ કહો હવે હું કયાં જાઉં? હું તો તને જ ખાવાનો.'



ડોસો જાણી ગયો કે વાઘ પોતાને જ ખાવાની વાત કરે છે. ડોસાએ કહ્યું જુઓ વાઘભાઇ તમારે મને ખાવો હોય તો ખાઇ જજો. પણ આપણે પેલા નદી કિનારે ગધાડો ચરે છે તેની પાસે ન્યાય કરાવીએ. પછી તારે મને ખાવો હોય તો ખાજે.

બને ગધેડા પાસે ગયા અને ગધેડાભાઇને પોતાની વાત કહી. ત્યારે ગધેડાએ પોતાના દુઃખની વાત કરતા કહ્યું જો ભાઇ હું જયારે નાનો હતો ત્યારે મારો માલિક મને લીલુ ઘાસ ખવડાવતો અને પછી ધીમે ધીમે થોડું વજન પણ ઉંચકાવવા લાગ્યો. પછી મોટો થયો ત્યારે તનતોડ મહેનત મારી પાસે કરાવી અને ખાવામાં શું આપે ખબર છે? કુસકી અને કામમાં ઉંચકવાની ઈંટ. આમ કરતાં કરતાં મારું શરીર ખલાશ થઇ ગયું. હું ઘરડો થયો એટલે મને આ નદીને કિનારે છૂટો મૂકી દીધો. માટે વાઘભાઇ મારું તો એ જ કહેવાનું કે સ્વાર્થી માનવને તો ખાઇ જ જવાનો.

ડોસો કગરતા બોલ્યો, વાઘભાઇ પેલો સામે બળદ દેખાય છે, ચાલ તેની પાસે ન્યાય કરાવીએ પછી તું ખાઇ જજે. બંને બળદ પાસે પહોંચ્યા અને બધી વાત કરી. બળદ કહે જો ભાઇ હું મારી જ વાત તમને કરું. જયારે મને ગાયમાતાએ જન્મ આપ્યો ત્યારે પેલા ઘરધણીએ બચપણમાં એવી રીતે ઉછેર્યો કે વાત જ ન કરશો. મારી ઉંમર ધીમે ધીમે મોટી થતી ગઇ ત્યારે મને પહેલા તો જીસલાએ જોડી જોયો. મને તો ફાવી ગયું. મેં તો સારું સારું ચાલવાનું શરૂ કરી દીધું એટલે મને ગાલ્લાએ જોડયો. ગાલ્લાએ પણ સારું ચાલવા લાગ્યો પછી મને હળે જોડી દીધો. પછી હું ઘરડો થયો ત્યારે મારી નાથ કાઢીને આ નદી કિનારે મૂકી ગયા. તેથી વાઘભાઇ મારું માનવું છે કે આવાને તો ખાઇ જવો એ જ ઉપાય છે.

દૂર ઝાડ પર બેઠેલા વાદરાને જોઇને ડોસો બોલ્યો. જુઓ વાઘભાઇ પેલા વાદરા પાસે છેલ્લો ન્યાય કરાવીએ. ત્યાર પછી તાર ખાઇ જવો હોય તો ખાઇ જજે. વાઘ કબૂલ થયો. બને વાદરાભાઇ પાસે જઇને બધી વાત કરી. ત્યારબાદ વાદરાએ કહ્યું, 'જુઓ ભાઇ હું એવી રીતે ન્યાય કરી શકતો નથી. મને એ પીંજરા પાસે લઇ જાવ. જેથી મને ખબર પડે કે કેવી રીતે બન્યું હતું. ડોસો, વાદરાભાઇ અને વાઘ ત્રણે પીંજરા પાસે આવ્યા. વાઘભાઇને વાદરાભાઇ કહેવા લાગ્યા., તમે કેવી રીતે આ પીંજરામા પૂરાયા હતા તે મારે જાણવું પડશે. માટે તમે અંદર જઇને એક ચક્કર લગાવી આવો. એટલે હું જાણી લઉં કે શી હકીકત છે. વાઘભાઇ તો પીંજરામા ગયા, એટલે વાદરાભાઇએ તરત પીંજરાનો દરવાજો બંધ કરી દીધો અને કહ્યું 'વાઘભાઇ મારી પાસે તો ન્યાય આ છે. પછી ડોસાને કહ્યું કે 'જાવ સુખેથી તમારી દીકરીને ત્યા મહેમાનગતી કરી આવો' એમ કહી વાદરાભાઇ છલાંગ મારી ઝાડ પર ચઢી ગયા અને ડોસો હાશનો દમ ખેંચીને ચાલવા લાગ્યો.

વાર્તા આટલી

----------

સાધુ બાવાની વાર્તા

--------------

એક ઠાકોર હતા. તેના સાત દીકરા હતા. તેમની જોડે તે સાતેય ભાઇ શિકાર કરવા જાય. એટલે એક દિવસ માને કહ્યુ કે અમે તો શિકાર કરવા જઇએ છીએ પણ અહીં કોઇ બાર બ્રાહ્મણ આવે તો તેમને ભીખ તમોજ આપજો. અમારી સાતેય વહુમાંથી કોઇને આપવા દેશો નહીં એમ કહી સાતેય ભાઇ જંગલમા શિકાર કરવા ગયા. એટલે એક સાધુ બાવો ભીખ માગવા આવ્યો. એટલે ડોસીમા સીધુ લઇને તેમને આપવા બારણે આવી, એટલે . સાધુ બાવો કહે કે અરે માઇ તુમારા હાથકી ભીખ નહીં લઉંગા. જો તુમાર ભીખ . દેના હો તો તુમારી



કોઇ બહુકા હાથ કી લઉંગા નહીં તો આ ચલા. એટલે ડોસમા કહે ઓ બાવા તે લઇજા. એટલે ઘરમા જઇને એક વહુને કહ્યું કે આ સીધુ પેલા સાધુ બાવાને આપી આવ. એટલે એક સ્ત્રી સીધુ લઇ બહાર આપવા આવી. એટલે સાધુ કહે આ તમારા બારણાના ઉંબરાથી બહાર આવી આપો. ત્યારે તે વહુ જરા બહાર આવી એટલે સાધુએ ભીખ લેવાની રહેવા દીધી અને એક મંત્ર મારી તેની માખ બનાવી ઝોળીમા ઘાલી ચાલવા માંડયું. એટલે સાસુ અને બીજી વહુઓ જોતી રહી. અને હવે શું કરવું તે વિચાર કરવા લાગી, કે અમારા ધણીઓ આવશે તો તેને શો જવાબ આપીશું. ડોસી કહે કે હું પણ શો જવાબ આપીશ. એમ કરતા સાંજ પડી અને બધા ભાઇઓ શિકારથી પાછા આવ્યા. એટલે બધી વહુઓ એક એક લોટામા પાણી લઇને આવી એટલે તે વિચાર કરે કે મારી વહુ કયાં ગઇ હશે. તે પૂછવા તેની મા પાસે ગયો અને માને પૂછે રે મા, મારી વહુ કયાં ગઇ કે મારા માટે પાણી નહીં લાવી ? એટલે મા કહે ભાઇ મારી જીભ ઉપડતી નથી, કારણ કે તમોએ કહેલું કે કોઇ ભીખારી આવે તો તું જ ભીખ આપજે પણ આ તો ભાઇ એવું બન્યું કે હું લઇને ગઇ પણ સાધુ બાવો કહે કે હું તમારા હાથની ભીખ નહીં લઉં. નહીં તો હું ચાલ્યો. એટલે મે તમારી વહુને કહ્યું ને તે આપવા ગઇ. તેથી તે સાધુએ મંત્ર મારાને માખી બનાવી લઇ ગયો. ત્યારે તે છોકરો કહે કે મા હવે હું તેને લેવા જાઉં છું. જીવતો રહીશ તો આવીશ નહીં તો નહીં. એમ કહી મા પાસે વિદાય માગી . પછી તેના બીજા ભાઇ પાસે રજા માગવા ગયો કે ભાઇ હું તો વહુને લેવા જાઉં છું જીવતો રહીશ તો આવીશ નહીં તો કંઇ નહીં. ત્યારે તે ભાઇ કહે, ભાઇ આપણે સાથે ખાવા બેસીએ, સાથે શિકાર રમવા જઇએ અને આવા વખતે તું એકલો જાય તે ઠીક નહીં. માટે હું પણ સાથે આવું. એટલે બીજા

ભાઇ પાસે ગયા. તે પણ કહે હું પણ સાથે આવું, એમ કરી બીજા ભાઇ પાસે ગયા તે પણ કહે હું પણ સાથે આવું. એવી રીતે સાતે ય ભાઇ તૈયાર થયા અને જવાની તૈયારી કરી એટલે તેમની એક ભાઇની વહુ એક ભાઇને જવાની ના પાડી. પણ ભાઇ કંઇ માને ? ભાભીએ હઠ લીધી ત્યારે કહ્યુ કે તમારે જવું હોય તો મને છોકરો આપી જાઓ. નહીં તો હું આપઘાત કરી મરી જઇશ. એટલે તે ભાઇએ જતી વખતે સંજોગ કરી છોકરો આપી ગયો અને બધા ભાઇ ઘોડે ચઢી ચાલવા માંડ્યુ. જતા જતા ખૂબ દૂર એક માલણ ડોસીની વાડી આવી ત્યા જઇને ઉતારો કીધા પછી માલણ ડોશીને પૂછવા લાગ્યા કે ડોશીમા ડોશીમા આ તરફ કોઇ સાધુને સ્ત્રીને લઇને જતા જોયો છે ? એટલે માલણ કહે ભાઇ લાવ્યો છે તે જોયો છે પણ તેને તમે શુ કરવાના ? તે સાધુ બહુ જાદુવાળો છે. ત્યારે બધા ભાઇ કહે કે અમે તેની સાથે લડીને અમારી વહુ લઇશું. પણ અમોને બતાવો. માલણે કહ્યુ હું દરરોજ પેલા તળાવની પાળે થઇને પેલી નાની ડુંગરી દેખાય ને ત્યા ફૂલ લઇ જાઉં છું ત્યા તે સાધુ રહે છે. ત્યા જ એક તેનો બંગલો છે. તેમા સાધુ રહે છે. પણ સવારથી એક મંદિર છે ત્યા તે તપ કરવા જાય છે અને તે સ્ત્રી એકલી જ રહે છે. અને તે સાધુ સાંજે આવે છે. માટે તમો હમણા અહીં રહો અને કાલે સવારે તે સાધુ તપ કરવા જાય પછી જઇને લઇ નાસી જજો. પણ બધા ભાઇ કહે કે અરે તે સાધુ શું કરવાનો છે ? માટે ચાલો હમણા જ આવો તો વહુને લઇને પછી જ આરામ કરીશું. એમ કહી બધા ભાઇ ઘોડા પર બેસીને જાય છે. તે સાધુએ સમાધી ચઢાવેલી હતી એટલે તેને ઘરની ખબર પડી ગઇ કે સ્ત્રીને લેવા આવેલા છે. એટલે સાધુએ ત્યાથી ચાલવા માંડ્યું અને ઘેર આવ્યો. એટલામા તો વહુને લઇને ચાલી જતા તળાવની પાળ પર જોયા. એટલે સાધુ તેની પછવાડે દોડયો. એટલે બધા ભાઇઓએ વિચાર્યુ કે એક સાધુ અને આપણ સાત જણ ચોરની



જેમ નાસી જઇશું ? માટે ઊભા રહો. સાલાને અહીં જ ઠાર કરીએ. એટલામા સાધુ આવ્યો અને બોલ્યો કયાં લેક ભાગતે હો ઠેહરો. એમ કહી અડદના દાણા લઇને મંત્રીને માર્યા તો બધા ભાઇ તળાવની પાળે મંત્રથી તાડ થયા અને ઘોડાઓને માછલી બનાવી દીધી. અને વહુને લઇને પાછો સાધુ ઘેર રહેવા લાગ્યો. એવામાં એક ભાઇની વહુને એક છોકરો થયો એટલે તે નિશાળે ભણવા જાય એટલે ગામના બીજા છોકરાએ તેને માર્યો અને ગાળો દેવા માંડી અને કહ્યું કે જા સાલા વગર બાપનો તારાથી શુ થવાનુ છે ? એટલે છોકરો ત્યાથી ઘેર આવ્યો અને માને કહે કે મા મારા બાપા અને કાકા કયા ગયા ? ત્યારે માએ કહ્યુ કે તારે તેની શી પંચાત છે. નહીં પણ મા મને નિશાળમા બહુ ખીજવે છે કે નબાપો. એટલે શું મારે બાપ જ નથી. જો નહીં કહું તો હું અન્ન જળ નહીં લઉં, માટે કહો. ત્યારે તેની માએ કહ્યુ કે બેટા તારી કાકીને એક સાધુ બાવો લઇ ગયો છે તેને શોધવા ગયા છે. તેને બહુ વરસ થયા હજી તેમનો પત્તો નથી. એટલે છોકરો કહે કે મા હું પણ શોધવા જાઉં ત્યારે મા કહે કે ભાઇ તું હજી ભણે છે માટે તું ના જા. પણ છોકરાએ માન્યુ નહીં. અને એક ઘોડા પર બેસીને રવાના થયો. જતા જતા તે જ માલણ ડોસીનુ ઘર આવ્યુ ત્યા ઉતર્યો અને માલણને કહેવા લાગ્યો કે અહીં કોઇ તમારે ત્યા સાત ભાઇઓ આવ્યા હતા ? અને તે કયા ગયા ? ત્યારે ડોસીમા કહે કે હા ભાઇ સાત ભાઇ ઘોડા પર બેસીને આવ્યા હતા ખરા પણ આ તળાવની પાળ ઉપર જે તાડ છે તે થયા છે. અને તળાવની અંદર જે માછલી છે તે ઘોડા. ત્યારે છોકરો કહે કે તે કોણે બનાવી. ત્યારે ડોસીમાએ કહ્યુ કે એક એવા સાધુબાવા રહે છે તેણે બનાવી. સાધુબાવો જાદુવાળો છે. ત્યારે છોકરો કહે કે ડોશીમા હું આપને ત્યા રહેવાનો છું. ડોશીમાએ કહ્યુ રહે. છોકરો

માલણની સેવા ચાકરી કરવા લાગ્યો. ડોશીમા દરરોજ પેલા સાધુ પાસે ફૂલ લઇને જાય છે એટલે છોકરાએ કહ્યુ કે ડોશીમા તમે જરા પેલા સાધુ બાવાનું મોત પૂછી નહીં લાવો. તો ડોશીમા કહે કે તારે શું કામ છે ? તો છોકરો કહે કે કંઇ નહીં પણ પેલા તાડ છે તે મારા બાપ અને કાકા છે તેમને હું લેવા માટે આવ્યો છું. માટે કાઇ ઉપાયો કરવો જોઇએ. મને ખૂબ દિવસ થયા છે. મારે ઘરે મારા મા અને કાકી વાટ જોતા હશે. માલણ કહે બેટા હું આજે પૂછી આવું છું. એટલે માલણ ફૂલ લઇને બાવા પાસે ગઇ અને પછી જઇને ગયેલો તે સ્ત્રીને કહ્યુ કે બહેનતને તારો બાવો મૂકીને તપ કરવા જાય છે તો કોઇ દિવસ ત્યા જ કોઇએ મારી નાખ્યો કે કેમ ખબર પડે ? માટે તેને તું પૂછી જોજે. એટલે તે કહે આવે ત્યાર હું તેને પૂછી જોઇશ. એમ કરી માલણ ઘરે આવી, અને છોકરાને કહ્યુ કે તારી કાકીને હું કહી આવી છું તે પૂછી જોશે અને કાલે મને કહેશે. અહીંથી ખૂબ દૂર એક દરિયો આવે છે તેની વચ્ચે એક દ્વીપ છે તેના પર એક લાલો તાડ છે અને તાડ ઉપર એક પોપટનું પાંજરું છે તે પાંજરામા પોપટ છે તેનો કોઇ હાથ લાગે તો મારા હાથ તૂટે અને પગ લાગે તો પગ તૂટે અને તેને ખાઇ જાય તો હું મરી જાઉં એમ મને કહેલું. એટલે માલણે ઘરે જઇને છોકરાને કહ્યુ કે બેટા આમ વાત છે. તારે જે કંઇ કરવુંહોય તેમ કર. ત્યાર છોકરો કહે, હું જાઉં મા, એમ કહી છોકરો ઘોડા પર સવાર થયો. અને દરિયાનો રસ્તો લીધો. ઘણે દિવસે દરિયા કિનારે આવી પહોંચ્યો અને જવાનો વિચાર કરે છે કે અંદર કેવી રીતે જાઉં. અંદર એક મગરમચ્છ આમથી તેમ આળોટતો હતો આળોટતો કિનારે આવી પહોંચ્યો એટલે છોકરાએ કહ્યું મગરમચ્છ તું આમ કેમ કરે છે. ત્યારે મગરે કહ્યું કે ભાઇ મને પેટમા ખૂબ દુઃખ છે. તેથી હું તરફડું છું. ત્યારે છોકરાએ કહ્યું કે તું મને પેલા દ્વીપ પર લઇ જા. હું તારું દુઃખ મટાડું. ત્યારે મગર કહે તું મારી ઉપર બેસી જા.



એટલે છોકરો બેસી ગયો અને મગરે દરિયામા ચાલવા માંડયું. અને દ્વીપ આવ્યો. ત્યા છોકરો ઉતરી ગયો અને કહ્યુ તમે અહીં ઊભા રહેજો હું હમણા આવું છું. પછી તમને મટાડીશ. છોકરો તે તાડ પર ચઢયો અને પેલું પીંજરું પાડીને નીચે લાવ્યો. પછી મગરને કહ્યું ચાલો મને પેલે પાર લઇ જાવ. પછી મટાડું ત્યારે મગર આ પાર લઇ આવ્યો અને પછી કહ્યું મા ઊભી રહો. એમ કરીને પેલા પાંજરામાથી પોપટને મારીને પાંખ ભાંગી નાખી. એટલે મગરને ખબર પડે કે કોઇએ પાંજરું પાડીને મારા હાથ ભાંગી નાખ્યા છે. એટલે મંત્રથી સાધુ ત્યા આવ્યો પહોંચ્યો અને પેલા છોકરાને કહે કે ભાઇ આ પોપટને શું કરવા મારે છે. તારે જે જોઇએ તે મારી પાસે માગી લે. પણ આને છોડી મૂક. છોકરો કહે કે આ મગરને પેટમા દુઃખે છે તે મટાડ, ત્યારે હું છોડી મૂકું. ત્યારે સાધુ કહે કે એ મગરમચ્છ એક ઝવેરાતની પેટી ગળી ગયો છે તેથી તેને પેટમા દુઃખે છે. તે પેટી કાઢે તો દુઃખતુ મટી જાય. એટલે છોકરો મગરને કહે કે મગરમા તારા પેટમા ઝવેરાતની પેટી છે તે પેટી કાઢું તો દુઃખતુ બંધ થઇ જાય. મગર કહે કે તે ભાઇ આ પેટી તું લઇ જા. હું તને જ આપું બીજાને શું કરવા આપું. તમે જ મારું દુઃખ મટાડયું છે. એમ કહીને ઝવેરાતની પેટી કાઢીને છોકરાને આપી. પછી છોકરો કહે સાધુ બાવા જે તળાવની પાળ ઉપર તાડ છે તે જે હાલતમા હતા તેવા બનાવો તો પોપટને જીવતો છોડું. એટલે સાધુએ મંત્ર મારીને તેને સજીવન કર્યા પછી કહ્યુ કે તેના ઘોડા કયા છે. તો પછી બાવાએ તળાવમાથી માછલીના ઘોડા બનાવ્યા. પછી પોપટને મારી નાખ્યો અને પછી ઘોડો લઇને આવ્યો અને પછી તેના કાકા પાસે ગયો અને કહ્યુ કે ચાલો મારી સાથે. ત્યારે તેના કાકા કહે કે અહીં સાધુ બાવો બહુ જાદુવાળો છે તે

મંત્રથી બધાને નાડ ઝાડ બનાવે છે. માટે તું ભાઇ તારે રસ્તે ચાલતો થા.

છોકરાએ કહ્યુ તે સાધુને તો મેં ક્યારનો યમારી નાખ્યો છે. પોપટ અને તેનું પાંજરું દરિયા કિનારે પડ્યું છે. હવે તો ચાલો. એટલે તે વહુ તેની સાથે એક ઘોડા પર બેસીને ચાલવા માંડ્યું. પેલા નાડને મનુષ્ય બનાવ્યા તેતો જીવ લઇને નાઠા. અને આઘે ઝાડ નીચે બેસીને સાતે ય ભાઇ વિચાર કરવા બેઠા. એટલે પછવાડેથી છોકરો તેની કાકીને લઇને આવે છે. ત્યા તો પેલા વિચાર કરે છે આ છોકરો કોણ આપણી વહુને લઇ જાય છે. માટે એને મારો. એમ કહીને તેને મારવા માંડયો અને મારી નાખ્યો. અને પેલી વહુને લઇને ચાલવા માંડ્યું.

કેટલા દિવસે પેલા પોતાને ઘેર આવી પહોંચ્યા. એટલે ત્યોને એક સ્ત્રી કહેવા લાગી કે તમોને લેવા માટે એક છોકરો આવ્યો હતો તે ક્યાં ? ત્યારે તે લોકોએ પૂછ્યુ કે તે કોણ હતો ? ત્યારે તેની માએ કહ્યુ કે તે તમારો છોકરો જ છે. ત્યારે એ લોકો રડવા લાગ્યા કે અમોએ વગર વિચાર્યું કર્યું છે કે અમોએ કોઇ હરામખોર માનીને તેને મારી નાખ્યો, એમ કહી બધા ખૂબ રડવા લાગ્યા. એ છોકરાનો જીવ કંઇક રહી ગયો હશે એટલે તેને પવન લાગવાથી તે સાજો થયો અને જેમ તેમ કરી બેઠો થયો પણ તેને ચલાય તેમ નહોતું તેથી ત્યાં જ બેસી રહ્યો. એટલે બધા ભાઇઓએ વિચાર કર્યો કે ચાલો હવે જે થઇ ગયું તે થઇ ગયું પણ તેની લાસને લઇ આવો અને આપણે હાથે તેને આગમા લગાડીએ તો કંઇક જીવ આપણો ટાઢો પડે. એમ કરી બધા એની લાસ લેવા આવેલા. છોકરો બેઠો બેઠો જોયા કરે. એટલે બધા આવીને તેને વળગી પડયા અને ઉંચકી લઇ ઘેર આવી અને તેને દવાદારૂ કરીને સાજો કર્યાં પછી બધા સુખે રહેવા લાગ્યા. આજે આવશે મોર ને વારતા કહીશું પોર.



## વાર્તા નવમી

## ચકલા અને ચકલીની વાર્તા

એક રાજા હતો તે તેના વજીર સાથે જંગલમાં શિકાર કરવા ગયો. શિકાર કરવા જતાં રાજાને ખૂબ તરસ લાગી. રાજા કહે વજીર મને ખૂબ તરસ લાગી છે. માટે મને કોઇ જગ્યાએથી પાણી પાઓ. ત્યારે વજીર લોટો લઇને પાણી શોધવા એમ તેમ જતો હતો. એવામાં એક કૂવો વજીરની નજર પડયો. તે ત્યાં ગયા અને પાણી ભરવા માટે લોટો કૂવામાં નાખ્યો. એટલે ત્યાં એક કારીગરે કૂવા ઉપર પૂતળી બનાવી હતી તે તેના જોવામાં આવી. એ ત્યાં જઇને જુએ છે તો કોઇ નાગકન્યા જેવી જોવામાં આવી. તેથી તેના મનમાં વિચાર આવ્યો કે કદાચ અહીં કોઇ દિવસ આવી ચઢે તો નકામી હઠ લેશે માટે લાવને એને પાણી કાઢીને કાદવથી ખરડી નાખુ. એમ કરી પાણી કાઢી કાદવ બનાવી અને પૂતળીને કાદવથી ખરડી નાખી. અને પાછું પાણી કાઢીને રાજા પાસે આવ્યો. એટલે રાજા કહે કે આટલી બધી કેમ વાર લાગી ? તો વજીર કહે કંઇ વાર નથી લાગી. હું તો કૂવામાંથી પાણી કાઢી લઇ આવું છું. રાજા કહે કહો ના કહો પણ ત્યાં કંઇ હશે. માટે ચાલ મને કૂવો બતાવ. એટલે વજીર રાજાને કૂવા પાસે લઇ આવ્યો. રાજા આમ તેમ બધે જોવા લાગ્યો. તેણે પેલી કાદવથી ખરડાયેલી પૂતળી જોઇ. એટલે રાજા પાસે જઇને કહે આ શું છે ? એને પાણીથી ધોઇ નાખો. એટલે વજીરે પાણી કાઢી પૂતળીને ધોઇ નાખી. એ એવી ફક્કડ પૂતળી હતી કે આ કોણે બનાવી હશે. માટે વજીર તું આની તપાસ નહીં કરી લાવે ત્યાં સુધી હું અહીં જ બેસું છું. માટે તમે એની તપાસ કરીને કહો. ને પાછા આવો પછી જ આપણે ઘેર જઇશું. એટલે વજીર ઘોડા પર બેસી તપાસ કરવા ચાલ્યો. તે તપાસ

કરતો કરતો એક ગામ પાસે આવ્યો. ત્યા ખબર મળી કે એમા એટલે કુવામા એક નાગકન્યા છે તેને જોઇને મેં બનાવી છે. એક બનાવનાર કારીગરે કહયુ. એટલે વજીર ત્યાંથી પાછો આવ્યો અને બધી હકીકત રાજાને કહી. રાજા કહે કે કોઇ જગાએથી દોરડું લાવ હું અંદર ઉતરું અને હું કહું ત્યાર તું ખેંચી કાઢજે. એમ કહી રાજા કુવામા ઉતર્યા અને વજીર દોરડું પકડી રહયો. એટલામા કુવાના ટોડલા પર એક ચકલો અને એક ચકલી આવ્યા. ચકલી ચકલાને કહે, ચકલા ચકલા વાર્તા કહે. ત્યારે ચકલો કહે કે વીતીની કરું કે પરવીતીની કરું ? ત્યારે ચકલી કહે પરવીતીની જ કહે ને. એટલે ચકલો કહે કે આ કુવામા રાજા ઉતર્યા છે પણ રાજા ઉપર આવતા આ ટોડલો છૂટો પડવાનો છે અને રાજા તથા નાગકન્યા બંને મરી જવાના છે. નાગકન્યાને રાજા કાઢશે પણ.........એમ કહી ચકલો અને ચકલી ઉડી ગયા. ચાલો કાલે કહીશુ એમ કરી જતા રહયા. વજીર વિચારમા પડયો. આ વાત ખરી હશે કે ખોટી. એટલે બીજે દિવસે પાછા તે જ ટોડલા પર ચકલી અને ચકલો આવ્યા અને ચકલી ચકલાને કહે, ચકલા ચકલા વાર્તા કહેને. એટલે ચકલો કહે પરવીતીની કરું. ચકલી કહે પરવીતીની જ કહજો. ચકલો કહે કે કદાચ રાજા આનાથી બચશે તો આગળ જતા એક સોનાની લાકડી જોવામા આવશે અને તે લેવા રાજા જશે તો મરી જશે. એક નાગ એને કરડવાનો છે. ચાલો કાલે કહીશુ એક કહી ચકલો અને ચકલી ઉડી ગયા. તે સાંભળી વજીર વિચાર કરે કે આ બધું શું ખરું હશે ? એટલે બીજે દિવસે ચકલી અને ચકલો આવ્યા અને તે જ ટોડલા પર બેસીને ચકલી કહે કે ચકલા વાત કહેને. ચકલો કહે વીતીની કહું કે પરવીતીની ? ચકલી કહે પરવીતીની કરને. એટલે ચકલો કહે કે જો કદાચ ત્યાંથી રાજા બચશે તો અગાડી એક નદી છે



તેમા અચાનક પાણી ઉપર આવી જશે અને રાજા અને નાગકન્યા બંને પાણીમા તણાઇ જશે. હવે બીજી વાર્તા કાલે કરીશુ એક એમ કહી ચકલી અને ચકલો ઉડી ગયા અને બીજા દિવસે પાછા તે જ ટોડલા પર આવીને વાત કરે છે કે જો ચકલી સાંભળ કદાચ ત્યાંથી રાજા બચશે તો અગાડી જતા એક વડ આવે છે. રાજા જતા તેની નીચે ઊભો રહેશે તો વડનું ડાળ તેના પર પડશે અને રાજા અને નાગકન્યા બંને મરી જશે. આટલી વાત કરી બંને ત્યાંથી ઉડી ગયા. પછી પાછા બીજા દિવસે બંને તે જ ટોડલા પર આવીને વાત કહે છે કે રાજા ત્યાંથી બચશે તો તેના જ દરવાજામા પેસતા દરવાજો તૂટી પડશે અને રાજા અને નાગકન્યા બંને મરણ પામશે. આટલી વાત કરી બંને પાછા ઉડી જાય છે. પછી બીજા દિવસે ચકલી અને ચકલો પાછા આવે છે અને પછી નવી વાત કરે છે. જો ચકલી રાજા કદાચ ત્યાંથી બચશે તો રાજમહેલમા રાત્રે નાગકન્યાના ચોટલામાંથી એક સાપ નીકળવાનો છે અને રાજાને કરડવાનો છે. અને રાજા મરી જશે. બીજી વાત હવે કાલે કરીશુ એમ કહી પાછા બંને ઉડી જાય છે. પછી બીજા દિવસે પાછા આવીને વાત કરે છે કે જો ચકલી આ વાત કોઇને કહેશે તો તે પથ્થર થઇને પડશે. બીજી વાત કાલે કરીશુ એમ કહી બંને પાછા ઉડી જાય છે. બીજા દિવસે પાછા આવી વાત કરે છે કે પાછો કેમ થાય કે જ્યારે તે નાગકન્યાને એક છોકરો થાય અને તેનો પગ લાગે ત્યાર પાછો જીવ પામે છે. બીજી વાત કાલે કહીશુ એમ કહી બંને ઉડી જાય છે. એટલામા અંદરથી રાજા દોરડું હલાવે છે અને વજીર વિચારમા પડયો હવે શુ થાય, એમ કરી તેણે ખેંચવા માંડયુ અને ઉપર નજીક આવે એટલે એકદમ જોરથી બહાર ખેંચી કાઢે છે કે તરત જ ટોડલો પડે છે. એટલે વજીર સમજી જાય છે કે આ વાત સાચી છે. એમ કરી રાજા

અને નાગકન્યા એક ઘોડા પર બેઠા અને વજીર બીજા ઘોડા પર બેઠો. પછી આગળ ચાલવા માંડયું. આગળ જતા ચકલાએ કહેલી વાત મુજબ એક સોનાની લાકડી રસ્તા પર પડેલી જોવામાં આવી. એટલે વજીર રાજાને કહયું ચાલો આપણ એક શરત લગીએ કે એક માઇલ સુધી કોણ આગળ જાય છે એમ કહી બંનેએ ઘોડા દોડાવ્યા એટલે લાકડી પડેલી રહી ગઇ અને તેઓ આગળ નીકળી ગયા. આગળ જતા વળી વળી પછી નદી આવી. તે જોઇ વજીર કહે ચાલો રાજાજી આ નદીની પેલે પાળ પહેલો ઘોડો કોનો જાય છે. એમ કહી નદીમા બંનેએ ખૂબ ઝડપથી ઘોડા દોડાવી મૂકયા. અને નદીની પાળે જઇ સ્વાસ લેવા ઊભા રહયા એટલામા નદીમા એક દમ પાણી પ આવી પહોંચ્યુ. પણ રાજા અને નાગકન્યા બંને બીજે કિનારે પહોંચી જવાથી બચી ગયા. વળી પાછા તેઓ આગળ ચાલવા લાગ્યા એટલે વજીર દૂરથી એક વડ જોયો. એટલે વજીર કહે કે ચાલો રાજાજી આપણ આ વડ મૂકીને આગળ કોણ પહોંચશે. રાજા કહે ચાલો તમારી મરજી કહી ઘોડા દોડાવી મૂકયા. અને વડથી આગળ નીકળી ગયા. આગળ નીકળી ગયા પછી તરત જ વડનુ એક મોટું ડાળ પડયુ પણ રાજા બચી ગયા. ત્યાથી આગળ ચાલવા માંડયુ એટલે પોતાના મહેલનો દરવાજો આવ્યો એટલે વજીરે પાછું કહયુ ચાલો રાજાજી આ દરવાજો મૂકીને આગળ કોણ જાય. એટલે ત્યાથી પણ ઘોડો દોડાવી મૂકયો અને દરવાજાથી ઘોડા આગળ ગયા કે તરત જ દરવાજો ધમ કરતોને પડી ગયો. રાજા કહે જો હમણા આપણ મરી જાત. એમ કહી પોતાના મહેલમા આવ્યા. અને સાંજે નાગકન્યા એક ઓરડામા સૂતી હતી તેના ચોટલામાથી એક નાગ નીકળ્યો અને જેવો રાજાને કરડવા જાય છે તે વજીર સંતાઇને જોયુ અને જેવો રાજાને કરડવા જાય છે તેવી એકદમ તલવાર ખેંચીને નાગના ટૂકડા કરી નાખ્યા. એટલે રાજા ઉપર



લોહીના છાટા ઉડયા તેથી રાજા એકદમ જાગી ગયા અને જુએ તો વજીર ઊભો છે. અને નાગના ટૂકડા જોયા. તેથી રાજા વજીરને પૂછે છે કે આટલી અડધી રાતે તુ અહીં કયાથી અને કોની રજાથી આવ્યો તે કહે. વજીર કહે તમને બચાવવા આવ્યો. રાજા કહે તમને કેવી રીતે ખબર પડી કેહે. વજીર કહે આ વાત જો હુ કોઇને કહું તો હું પથ્થર થઇને પડીશ માટે આ વાત રહેવા દો. રાજા કહે ગમે તે થાય પણ આ વાતની તમને કેમ ખબર પડી તે કહે. ત્યારે વજીર બધી વાત કહી અને કહયું કે જો નાગકન્યાને છોકરો થાય અને તેનો પગ મને લાગે તો હું પાછો જીવતો થઇશ. એટલુ કહી વજીર પથ્થર થઇ ગયો. પછી ઘણા ટાઇમે નાગકન્યાને છોકરો થયો. એ એક નિશાળમા ભણવા જતો હતો રસ્તામા એના પગની ઠોકર એક પથ્થરને વાગી તેથી વજીર પથ્થરનો માણસ થયો અને પછી ખાઇ પીને મોજ કર.

## વાર્તા દસમી

## કરબુધ્યાની વાર્તા

એક ડોસાને બે છોકરા હતા. એકનું નામ બુધ્યો અને બીજાનુ નામ કરબુધ્યો. ઘરડો બાપ મરી ગયા પછી બંને ભાઇ વિચાર કરે કે બંને ઘેર રહીને શું કરીએ. કોઇ પૈસા પણ જોઇએ ને અનાજ તો થોડી ઘરની જમીન છે તે પકવીએ પણ પૈસા નથી માટે મોટો ભાઇ બુધ્યો કહે હું નોકરી કરવા જાઉ. અને તુ ઘર માતાને પોશજે. હુ પૈસા કમાવી લાવીશ. એમ કહી તે નીકળ્યો અને એક ગામમા જઇ નોકરી શોધવા લાગ્યો. ત્યા ઘેર ઘેર પૂછતો ફરે કે કોઇ નોકરી રાખો પણ કોઇ રાખે નહીં. એવામા એક શેઠને ઘેર જઇ પહોંચ્યો. શેઠ કહયુ કે

નોકરીએ તો રાખુ પણ મારી સાથે શરત કર. ત્યારે બુધ્ધો કહે શરત. શેઠ કહે જો
મારું સોંપેલુ કામ નહીં થાય તો તારા વાંસા ઉપરથી બે પૈસા જેટલે ઢબુ
જેટલી ચામડી કાઢી લઇ અને નોકરીમાંથી કાઢી મૂકું. અને જો તું કામ કર અને હ
મૂકું તો તુ માગે એટલા પૈસા આપું. એવી શરત હોય તો રહી જા. એટલે બુધ્ધો સાંજે
ખાઇને સૂઇ રહ્યો અને સવાર ઊઠી પડયો. એટલે શેઠ એક હળ તૈયાર કરવા કહ્યુ
અને રોટલાની પોટલી બાંધી આપી. અને કહ્યું કે લે આ હળ. આ કૂતરો જયા
લઇ જાય ત્યા લઇ જજે અને પછાડી પછાડી લઇ જાય અને કૂતરો બેસે ત્યા આ
રોટલાની પોટલી છે તે છોડીને ખાજે અને સાંજે કૂતરો તથા હળ એની સાથે
પાછું લાવશે. એમ કહી આપ્યુ એટલે કૂતરાએ ચાલવા માંડયુ તે તો આ વાડ,
પેલી વાડ, આ ખાડો, પેલો ખાડો, પેલો ટેકરી જયા મરજી આવે ત્યા જાય. તેની
પાછળ બળદને પણ તેમજ હાંકે એમ કરતા બપોર થયા પણ કૂતરો ઊભો ન રહે
કે ન બેસે. કૂતરો બેસે તો હું રોટલો ખાઉં. એમ કરતા સાંજ પડી પણ કૂતરો
કોઇ જગ્યાએ બેઠો નહીં અને બુધ્ધાએ રોટલો પણ ખાધો નહીં અને આખો દહાડો
હળ સાથે ચાલીને થાકી ગયો. શેઠને ઘેર આવીને કહ્યું કે શેઠ લે આ તારો
નોકરો મારાથી આ નોકરો નહીં થાય. શેઠ ઢબુ જેટલી ચામડી કાઢી લીધી અને
નોકરીમાંથી કાઢી મૂકયો. એટલે બુધ્ધો ઘેર આવ્યો અને કરબુધ્ધાને બધી
વાત કહી કે ભાઇ મારું તો બે પૈસા જેટલું વાંસાનું ચામડું ગયુ ને પૈસા નહીં
મળ્યા. ત્યારે કરબુધ્ધાએ કહ્યું કે તું ઘેર રહે અને ખેતી કરજે અને આપણી માને
સંભાળજે. હવે હું જાઉં. એમ કહી તે પણ શેઠને ત્યા આવ્યો. , શેઠ કહે કે
નોકરી આપું પણ નાસી નહીં જાય ને? કરબુધ્ધો કહે કે નાસી જાઉં તો બે
પૈસા જેટલી ચામડી મારા વાંસા પરથી આપું. અને તમો ન કહો તો. ...



તું માગુ તે આપુ, શેઠ કહ્યું. ચાલ ત્યારે આ રોટલો ખાઇને સૂઇ જા. કાલે
સવાર તને કામ બતાવીશ. એમ કરી કરબુધ્ધો સૂઇ ગયો અને સવાર ઊઠયો.
સવાર શેઠ પેલાને કહેલું તેમ હળ જોડી આપ્યુ અને રોટલાની પોટલી બાંધી આપી
અને કહ્યું કે લે આ હળ. આ કૂતરો જયાં લઇ જાય ત્યા જજે અને કૂતરો જયા
બેસે ત્યા આ રોટલાની પોટલી છે તે છોડીને ખાજે. અને સાંજે કૂતરો તથા હળ
પાછું લાવજે. અને થોડું કૂતરાને નાખજે. અને નદીમા બળદ અને કૂતરાને પાણી
પાઇ સાંજે પાછો આવજે. એમ કહી કૂતરાને આગળ કરી હળ હાંકવા માંડયું.
થોડે સુધી કરબુધ્ધો તેની સાથે હળ લઇને ગયો અને પછી વિચાર કર્યો કે આ
કૂતરી સાલી ભમરસાટ ફરે. આની પાછળ કયા લઇને ફરું. એમ કરી કરબુધ્ધાએ
તો પરોણાનો એક ઝપાટો ( કૂતરીને મારીને લાંબી કરી નાખી. હવે હળ ત્યાજ
ઊભું રાખ્યુ અને . રોટલો હતો તે છોડીને ખાધો અને કૂતરીને થોડો નાખ્યો.
પણ મરેલી કૂતરી કંઇ ખાય કે. તે તો સાંજે ઘેર પાછો આવ્યો અને શેઠને
કહ્યું કે કૂતરી તો ત્યા ખેતરમા બેઠી છે એને છોડીને રોટલો નાખ્યો પણ ખાતી
નથી અને ઘેર પણ આવતી નથી. માટે હું તો હળ અને રોટલો લ લાવ્યો. શેઠ કહ
મને બતાવ. કયા છે? કરબુધ્ધો શેઠને કૂતરી પાસે લઇ ગયો. શેઠ જોયું તો
કૂતરી મરી ગયેલી. પણ હવે કરબુધ્ધાને કંઇ રજા અપાય કે, એ તો જે માગે તે
આપવું પડે. શેઠ કહ્યું કે બીજા દિવસે લે આ છોકરાને જરા નદી ઉપર
ધોઇ આવ. એટલે કરબુધ્ધો છોકરાને લઇને નદી પર ગયો. ત્યા એક પથ્થર
પર જઇને છોકરાને નદીમા બોળીને પછાડવા લાગ્યો. અને છોકરાને મારી
નાખ્યો. પછી લઇને ઘેર આવી એક વાડ પર તડકે સૂકવ્યો. શેઠ કહ્યું કે
કરબુધ્ધા છોકરો કયા છે? કરબુધ્ધો કહે પેલો વાડ પર સૂકવ્યો છે પછી મને
શું પૂછો છો. શેઠ જોયું તો છોકરો મારીને વાડ પર સૂકવેલો. અરે આ શું કર્યું?

ત્યારે કરબુધ્યો કહે તમે કહયુ હતુ તે બરાબર ધોઇને લાવજે. એટલે મેં પથ્થર પર બરાબર પછાડીને લાવ્યો અને સૂકવ્યો તેમા મારો શુ વાંક. શેઠ કહે કે બરાબર કરબુધ્યો છે. પણ એનુ જયારે વાસા પરનુ ઢબુ જેવડુ ચામડુ નહીં લઉં તો મારું નાક જાય. એમ કહી બીજા દિવસે કહયુ કે, કરબુધ્યા જા તારી ભાભીને પિયરથી લઇ આવ. આ આપણી ગાલ્લી જોડી જા. પણ વહેલો આવજે. એક પગ અહીં અને એક પગ ત્યાં. કરબુધ્યો શેઠને સાસરે ગયો. કરબુધ્યો કહે કે ભાભી ચાલ શેઠ બોલાવે. આ ગાલ્લીમા બેસી જા. એટલે શેઠાણી ગાલ્લીમા બેસી ગઇ. ત્યારે કરબુધ્યો કહે કે ભાભી પગ લાવ તો. શેઠાણી કહે કે શું કર છે ? ત્યારે કરબુધ્યો કહે મને શેઠ કહયુ છે કે એક પગ ત્યાં અને એક પગ અહીં એમ કહેલુ છે. એમ કહી શેઠાણીનો પગ ત્યા ઝાંપા પાસે બાંધ્યો અને બીજો ગાલ્લી સાથે બાંધ્યો. અને પછી ગાલ્લી દોડાવી મૂકી. અને શેઠને ઘેર આવી પહોંચ્યો. શેઠ કહે કે આ શુ કર્યું. કરબુધ્યો કહે કે તમે કહેલુ કે એક પગ ત્યાં અને એક પગ અહીં, એટલે મેં તો એમ કર્યુ. શેઠ ગુસ્સે તો થયા પણ શુ કરે. રજા તો અપાય નહીં. સાલાએ એક કૂતરી મારી, બીજો છોકરો માર્યો અને ત્રીજી બૈરી મારી. હવે એને શુ કરું. હવે એવું કામ સોંપુ કે એ જ ના પાડે અને મારો લાગ આવે અને વાસા પરથી ઢબુ ઢબુ જેટલુ ચામડુ કાઢું તો જ ખરો. એમ કરી બીજા દિવસે કહયુ કે તે આ ગાલ્લી જોડીને ચાલવા માંડ અને ઘાસ ભરી લાવ. એટલે કરબુધ્યો તો ગાલ્લી જોડીને ચાલવા માંડયુ. રસ્તે જતા ગાલ્લી ખૂબ ચાલવા માંડી. કારણ કે ઘાસ ઓછુ નહી એટલે ખૂબ દૂર જતા એક નદી આવી તેની અંદરથી કાઢવા માંડયુ એટલે પૈડામા પાણી ભરાયુ એટલે રડતુ બંધ થઇ ગયુ. કરબુધ્યો કહે કે સારું ગાલ્લુ મરી ગયુ. એમ કરી નદીમા જ થોડા લાકડા આમ તેમથી લાવીને તેને



સળગાવી મૂકયુ. અને પછી કહે કે શેઠ ગાલ્લુ તો મરી ગયુ એટલે મેં તેને સળગાવી આવ્યો. શેઠ કહયુ કે તેં કેમ જાણ્યુ કે ગાલ્લુ મરી ગયું. કરબુધ્યો કહે કે કેમ નહીં. મેં અહીંથી જોડયુ ત્યારથી એ રડતું રડતુ નદી સુધી ગયુ. અને પછી તે બીજા કિનારા પર ગયુ તો રડતુ બંધ થઇ ગયુ એટલે મેં જાણ્યુ કે ગાલ્લુ મરી ગયુ, એમ કરીને મેં નદીમા જ બાળી આવ્યો. શેઠ કહે ખરો તુ કરબુધ્યો. ગાલ્લાને દીવાલથી ઊંચી કેમ નહીં લઇ ગયેલો. કરબુધ્યો કહે કે મને તમે એમ થોડું કહેલું કે તુ ગાલ્લુ ઊંચીને લઇ જા. એટલે હુ તો એમ જ લઇ ગયેલો. શેઠ બીજા દિવસે કહે કે તે આપણા ઘોડાને પાણી પાઇ આવ. જોજે નાસી જાય નહીં. સારું પકડી રાખજે. એમ કરી કરબુધ્યો ઘોડો લઇને નદીએ આવ્યો. ત્યા ઘોડાનું પૂછડું કાપી લઇને ઘોડાને ભગાડી મૂકયો અને પૂછડાને એક દરમા ઘાલીને બેસી રહયો. એટલે ખૂબ વાર થઇ એટલે શેઠ જોતા ત જોતા નદી તરફ આવ્યા અને ટેકરા ઉપરથી જોવા લાગ્યા. એટલે કરબુધ્યાએ બુમ મારી કે શેઠ દોડજો આપણો ઘોડો આ દરમા પેસી ગયો છે પણ હુ પૂછડું પકડી રહયો છું. એ વહેલા આવો નહીં તો અંદર ચાલ્યો જવાનો. આપણે બંને થઇને એને અ ખેંચી કાઢીએ. એટલે શેઠ દોડતા આવ્યા અને કરબુધ્યા સાથે ઘોડાનુ પૂછડું ખેંચવા લાગ્યા. કરબુધ્યો કહે કે શેઠ જોરથી ખેંચજો. એમ કહી બંનેએ જોરથી પૂછડું ખેંચ્યુ તો શેઠ નોકર બંને જઇને આઘા પડયા. એટલે ઘરબુધ્યો કહે કે રાખ મને બજારમા જઇને કહેવા દે કે શેઠ તો ઘોડાને મારી નાખ્યો. શેઠ કહે કે રહેવા દે ભાઇ તુ કોઇને વાત નહીં કરતો. હુ તને બસો રૂપિયા આપુ. કરબુધ્યો રહે કહે કે લાવ, જલદી લાવ એમ કહી બંને ઘેર આવ્યા. શેઠ ઘેર આવી બસો રૂપિયા કરબુધ્યાને આપ્યા અને કહયુ કે જા હવે મારે કામ નથી. તો કરબુધ્યો કહે કે તારા વાસા પરનુ ઢબુ

જેટલું ચામડું લાવ ત્યારે જ હું ઘેર જાઉં ત્યારે શેઠ કહે કે તે ભાઇ પણ હવે જા. એટલે કરબુધ્યાએ ઢબુ જેવડું ચામડું લીધું અને ઘેર આવીને ભાઇને કહ્યું જો ભાઇ આ શેઠ તારું ચામડું લીધેલું તે હું એનું લઇ આવ્યો અને બસો રૂપિયા લાવ્યો. એમ કરી બન્ને ભાઇ રહયા.

## વાર્તા અગિયારમી

## ગોવાળિયાની વાર્તા

એક ડોસીમા હતી તે છાણા વીણવા કોથળો લઇને ગઇ. છાણા વીણતા વીણતા એક બોરડીનું ઝાડ હતું તે ઝાડ ઉપર એક ગોવાળિયો બોર ખાવા ચઢેલો તેને ડોસી કહે ગોવાળિયા ગોવાળિયા મારા માટે થોડા બોર નાખને ? ત્યારે ગોવાળિયો કહે, હાથે નાખું કે પગે નાખું. ડોસી કહે કે પગે જ નાખજે. એમ કહી ગોવાળિયો પગે બોર નાખવા જાય કે ડોસીએ પગ પકડી લીધો અને ગોવાળિયાને નીચે પાડી કોથળામાં બાંધી ચાલવા માંડયું. તેવામાં ડોસીને તરસ લાગી એટલે કોથળો રસ્તા પર મૂકી તે એક વહેળામાં પાણી પીવા ઉતરી. તેવામાં એક માણસ રસ્તે થઇને જતો હતો. એટલે ગોવાળિયાએ માથું હલાવ્યું. એટલે પથી કહે કોથળામાં કોણ છે ? અંદરથી ગોવાળિયો કહે ભાઇ મને બહાર કાઢો પછી તમને વાત કરું. એટલે પેલા પથીએ કોથળાનું મોં છોડયું. પછી ગોવાળિયો કહે ભાઇ એક ડોસી છાણા વીણતા મને પકડી લઇ જાય છે. એમ કહી તે છોકરાએ કોથળામાં થોડા માટીના ઢેફા અને થોડા બાવળના કાંટા નાખ્યા અને કોથળાનું મોઢું બાંધી દીધું અને ગોવાળિયો ગયો. ડોસી પાણી પીને પાછી આવી કોથળાને પાછળ બરડા પર લઇને ચાલવા માંડયું. ચાલતા ચાલતા કોથળો હાલે અને તેમાંના .. કાંટા બરડામાં ભોંકાય. એટલે ડોસી કહે ચુટલા શું ભરે છે તારા નખ જ .. કાપી નાખીશ. પેલા ઢેફા બરડામાં આવે



વાગે ત્યારે ડોસી કહે કે તું લાતો શું મારે તારા પગ જ કાપી ખાઇશ. એટલામાં તે તેના ઘર આવી પહોંચી. ઘર આવ્યા પછી તેની દિકરીને કહે કે તે બેટા તારા માટે એક ખધાડિયો લાવી છું આ કોથળો છોડીને જો. એટલે તેની છોકરી કોથળો છોડીને જુએ તો અંદર કાંટા અને પથ્થર. એટલે છોકરી કહે મા આમાં તો કાંટા અને પથ્થર છે. ત્યારે ડોસીમા કહે કે મને છેતરી ગયો. હું પાણી પીવા ગઇ એટલે તે ભાગી ગયો. એની કાલે વાત. એમ કહી પાછી ડોસી કોથળો લઇને બીજા દિવસે છાણા વીણવા ગઇ. તે બોરડી પર જુએ પણ છોકરો-ગોવાળિયો મળે નહીં, બીજા દિવસે ગઇ પણ ના મળે. એમ કરતા ઘણા દિવસે ગોવાળિયો કહે કે આજે ઘણા દિવસે બોર ખાવા જાઉં. એમ કહી બોરડી પર ચઢયો અને બોર ખાવા લાગ્યો. એટલામાં તે ડોસી આવી અને પેલા ગોવાળિયાને કહે કે ગોવાળિયા ગોવાળિયા બોર નહીં નાખે. ગોવાળિયો કહે હવે નહીં નાખું. તું મને ખેંચી પાડે છે. ડોસી કહે નહીં ખેંચું, તારા સમ. એ તો તારી મશ્કરી કરી હતી. તે શું તું ડરી ગયો. હવે નહીં ખેંચી પાડું! ત્યારે ગોવાળિયો કહે હાથે નાખું કે પગે. ડોસી કહે પગે જ નાખને ? ગોવાળિયો પગે બોર નાખવા જાય છે કે ડોસ પકડીને ગોવાળિયાને ખેંચી પાડયો અને તેને કોથળામાં ઘાલ્યો. અને ચાલતી થઇ. હવે તો તને મુકું જ નહીં. તે દિવસે મને ઠગી ગયો હવે તને નહીં મુકું એમ કહી ડોસી ઘર આવીને દીકરીને કહ્યું બેટા આ કોથળામાં છે તેનું આજે શાક કરજે. એમ કહી તે ડોસી છાણા વીણવા ગઇ. એટલે તેની દીકરીએ કોથળો છોડયો તો અંદરથી ગોવાળિયો નીકળ્યો. અને તેનું શાક કરવા તેને કાપવા જાય છે એનો ચોટલો ખૂબ લાંબો જોયો. એટલે છોકરી તેને પૂછવાલાગી. ગોવાળિયા ગોવાળિયા તારો ચોટલો કેમ મોટો ? ત્યારે ગોવાળિયો કહે, મારી માએ મને

ઉંબરામા માથું નાખીને ખાડણિયે ખાડ્યું હતું તેથી ચોટલો ખૂબ લાંબો થયો છે.
એટલે છોકરી તેને કહે મને પણ તું ઉંબરામા માથું નાખી છુંદને. ત્યાર ગોવાળિયાએ
કહ્યું લાવ. એટલે ગોવાળિયાએ તે છોકરીનું માથું ખાડણિયામા છુંદયું એટલે તે
છોકરી મરી ગઇ. એટલે તેના કપડા ઉતારીને ગોવાળિયાએ પહેરી લીધા અને છોકરીનુ
શાક કર્યું અને રોટલા કરી મૂકયા. અને તેના માટે એક મરઘી કાપીને શાક કર્યું.
એટલામા ડોસી આવ્યા અને બને સાથે રોટલા ખાવા બેઠા. એટલામા ત્યા એક
બિલાડી આવીને બેઠી, તે કહે ડોસી દીકરી જ ખાય અને ગોવાળિયો કુકડી જ
ખાય. એટલે ડોસી કહે હત રાંડ એમ બોલી તે ડંગોરો લઇને બિલાડી તરફ
દોડી એટલે બિલાડી ભાગી ગઇ. પછી સાંજે સૂઇ ગયા પછી બીજા દિવસે ડોસી
કહે બેટા મારા માથામા જૂ જો. એટલે ગોવાળિયો તેના માથામા જૂ જોવા લાગ્યો અને
તેને વિચાર આવ્યો કે આ ડોસીના વાળ ખાટલા સાથે બાંધીને ભાગી જાઉં.
અને ડોસીના વાળ ખાટલા સાથે બાંધીને તે ભાગવા લાગ્યો. ડોસી કહે મને છોડને
દીકરી પણ છોકરી શાને છોડે. તે ભાગી ભાગીને એક નદીની પેલે પાર પહોંચ્યો.
એટલામા ડોસી જેમ તેમ કરીને વાળ છોડીને દોડી તો ખરી પણ નદીમા પાણી
અને તેનાથી તરાતું નહીં એટલે તે આ કિનારા પર ઊભી રહીને ગોવાળિયાને
પૂછે દીકરા તું કેમ કરી ગયો. ત્યાર ગોવાળિયો કહે, ડોસીમા હું તો ગળે
પથ્થર બાંધીને તર્યો. એટલે ડોસી ગળે પથ્થર બાંધીને નદીમા કૂદી પડી અને
તે નદીમા ડૂબી ગઇ અને મરી ગઇ.



વાર્તા બારમી

કોલા પાડાની વાર્તા

કોલો અને પાડો બને દોસ્ત હતા. તે દરરોજ એક નાના ખાડામા પાણી હતું
તેમા પીવા જાય. બને છૂટા ચરે અને સાંજે પાણી પીને પાછા જાય. એક દિવસ
પાડાભાઇ જરા અગાડી આવી ગયા અને ખાડામાંની બધું પાણી પી ગયા. થોડીવાર
પછી કોલાભાઇ આવ્યા અને પેલા ખાડામા પાણી પીવા જાય છે પણ પાણી ન
મળે. એટલે કોલાભાઇએ પાડાભાઇને કહ્યું કે હું તો આજ પાણી વગર રહયો.
અને મને ખૂબ તરસ લાગી છે ત્યાં મને કોઇપણ રીતે પાણી પાવ, નહીં તો મને
કોઇ જગ્યા બતાવો. ત્યાર પાડાભાઇએ કહ્યું કે, આટલામા કોઇ જગાએ
પાણી નથી. ત્યાર કોલાભાઇ કહે કે આપણી દોસ્તી શા કામની ? જો પાણી
નહીં પાય તો હું મરી જઇશ. ત્યારે પાડાભાઇએ કહ્યું કે, પાણી પાઉં, પણ તમે
પાણી પીને બહાર નીકળી આવજો. તે આ મારી ગાંડ વાટે જા અને પાણી પી
લે. પણ ઉપર જોતા નહીં. કારણ કે ઉપર કુઇલાનો ગુરખો છે. એમ કહી
પાડાની ગાંડ વાટે કોલાભાઇ અંદર ગયા અને પાણી પીધું. પણ કોલાભાઇ લોભી
તેણ ઉપર જોયું તો કલેજાનો મોટો ગુરલો. કોલાભાઇ તો તેને વળગી પડીને
ખાઇ ગયા. એટલે ગાંડ બંધ થઇ ગઇ અને પાડાભાઇ મરી ગયા. એટલે કોલાભાઇ
અંદર રહી ગયા. તેનાથી બહાર નીકળાયું નહીં એટલે દરરોજ તેનું માંસ ખાધા
કર્યું. એટલે બહાર પાડાભાઇનું ખોખું હલકું થયું એટલે તે પવનથી આ આમ તેમ
ગબડવા લાગ્યું અને ખડખડ અવાજ થવા લાગ્યો. એટલામા ઉપર શંકર પાર્વતીનો
રથ જાય. એટલે પાર્વતીએ કહ્યું કે શંકર જરા અહીં ઉતરો. આને જોઇએ કે
અંદર કોઇ હશે તો મરી જશે. ત્યારે શંકરે કહ્યું કે આવા તો દુનિયામા

બહુ. માટે ચાલો આપણ આપણા રસ્તે. ત્યારે પાર્વતી રીસાયા અને રથ નીચે ઉતરાવ્યો અને પેલા ખોખા પાસે જઇને જુએ છે તો અંદર કોઇ ભરાયું છે. ત્યારે શંકરજીએ બૂમ પાડી કે એ અંદર કોણ છે ? બહાર આવ. ત્યારે કોલાભાઇએ કહ્યું કે હું મોટો દેવ છું. પણ તમે વરસાદ લાવો તો હું બહાર આવું અને પછી તમોને વાત કરું. એટલે શંકરજી વરસાદ લાવ્યા એટલે પેલું ખોખું પલળી ગયું એટલે કોલાભાઇ એકદમ નીકળી નાઠા. એટલે શંકર તેને પકડવા દોડયા. પણ એ હાથ આવ્યા નહીં. એટલે શંકર કહે કે એને કેમ કરી પકડવો. શંકર એક પાણીના ઝરા પાસે સંતાઇ ગયા, કે અહીં કોલો પાણી પીવા આવશે. એટલે હું પકડી લઇશ. એટલામાં કોલાભાઇ પાણી પીવા આવ્યા. અહીં તો કોલાભાઇએ પાણી બહુ ચોખ્ખુ દેખ્યું, એટલે કોલાભાઇ કહે કે આજે તો હું ચોખ્ખુ પાણી નહીં પીઉં, આજે તો હું ગંદુ પાણી પીઇશ. એમ કહી તે ખરાબ પાણી પીને જતો રહયો. ત્યારે શંકર વિચાર કરે કે કોલો બહુ પાકો છે. એને કેમ કરી પકડું. ત્યારે શંકરે એક મીણનું છોકરું બનાવ્યું અને હાથમાં રોટલો આપ્યો અને તે ઝરા પાસે ઉભું રાખ્યું. એટલે કોલાભાઇ બીજા દિવસે પાણી પીવા આવ્યા એટલે પેલા પૂતળાને જોયું. તેણે કહ્યું કે છોકરા રોટલો લાવ નહીં તો એક તમાચો મારીશ. આપવો છે કે નહીં, નહીં તો માર ખાશે. એમ કહી એક થાપટ મારી એટલે હાથ વળગી ગયો. ત્યારે કહ્યુ કે હાથ છોડવો છે કે નહીં.



નહીં તો લાત મારીશ. એમ કહી લાત મારી એટલે તે પણ ત્યાં જ વળગી ગયો. પછી બીજા પગની લાત મારી એટલે તે પણ વળગી ગયો. એટલે શંકર દોડી આવ્યા અને એને પકડી લીધો. હવે કયાં જવાનો છે ? ચાલ મારી સાથે આવવું છે કે નહીં ? ત્યારે કોલાભાઇ કહે હા હવે હું તમારી સાથે આવું, એમ કહી શંકરજી સાથે ચાલ્યા. ત્યાં તો થોડેક દૂર ગયા એટલે કોલાભાઇ કહે મને બેસવા દો, હું થાકી ગયો. ત્યારે શંકર કહે પેલા ખૂટા પર બેસ. એટલે કોલાભાઇ ખૂટા પર બેસી ગયા એટલે ખૂટો ચાલવા લાગ્યો. ત્યારે કોલાભાઇ કહે કે હા હવે તો હું એક નકલ શીખ્યો. થોડે દૂર ગયા એટલે કોલાભાઇ કહે મને તો ભૂખ લાગી છે. ત્યારે શંકર કહે કે પેલું છાણું ઉંચકીને ખાઇ લે અને પછી પેલા પથ્થરમાંથી ડોપરીયું માર એટલે પાણી નીકળશે. એટલે કોલાભાઇએ એમ કર્યું એટલે ત્યાંથી પાણી નીકળ્યું તે પીધું. હવે કોલાભાઇ વિચાર કરે કે હવે કેવી રીતે ભણું. એમ કરી પાછું શંકરને કહ્યુ કે મને ખૂબ હગ લાગ્યો છે. ત્યારે શંકર કહે કે પેલા કુંભારિયા પાસે જઇ હગી આવ. એટલે કોલાભાઇ એક કુંભારિયો, બીજો કુંભારિયો કરતા કરતા એ તો છેતરી નાઠા. કોલાભાઇ ભાગતા ભાગતા વિચાર કરે કે લાવને મારી પાસે નકલ છે, એમ કહી એક ખૂટા પર કૂદીને બેસવા જાય છે ત્યાં તો ખૂટો ગાંડમાં પેસી ગયો, હાય સાલાએ છેતર્યો એમ કહી આગળ ચાલવા લાગ્યા. એટલામાં તેમને ભૂખ લાગી, એટલે કહે કે લાવને પેલું છાણુ ઉપાડી લઉં. એમ કહી છાણું ઉંચકયું તો મોટો [illegible] વીંછી નીકળ્યો અને હાથે પગે કરડયો. એટલે ત્યાંથી પણ હાય હાય કરતા આગળ ચાલવા માંડયું. એટલામાં એક પથ્થર આવ્યો. લાવને પાણી પીઉં. એમ કહી પથ્થરમાં ડોપરિયુ માર્યું તો ખોપરીમાં ખૂબ વાગ્યું. એમ કરી તે જગ્યા પર બેસી રહયો. એટલે થોડા

દિવસે એ બધુ પાડયુ. એટલે એક કુંભારને ત્યાંથી એક ઘડો લઇ આવ્યો અને બધુ પણુ તેમાં ભર્યુ. પછી વિચાર કર્યો કે લાવને કોઇ પટેલને છેતરું. એમ કરી થોડું જંગલમાંથી મધ લઇ આવ્યો અને ઘડાની ઉપરના ભાગમાં થોડું નાખ્યુ અને મધનો ઘડો લઇ ચાલ્યો. રસ્તામાં એક પટેલ મળ્યો. એને કહે હું તારા માટે મધ લાવ્યો. માટે તું આ ઘડો રાખ અને એક બકરી આપ. ત્યારે પટેલે કહયુ કે જા પેલા બકરામાંથી સારું દૂધવાળું જોઇને લઇ લે. એટલે કોલાભાઇ સારું જોઇને બકરું લઇને ચાલતા થયા. અને જઇને પોતાના ઘર રહેવા લાગ્યા. એક દિવસ કોલાભાઇ બધા કોલાને કહે ચાલો આપણે ખડક પર ચરકવા જઇએ. એટલે બધા પથ્થરની ધાર પર ગયા અને બધા હગવા લાગ્યા, ત્યારે બીજા કોલા કહે કે ભાઇ ભાઇ તમારું હગેલુ કેમ સફેદ. ત્યારે કોલાભાઇ કહે કે હું તો દરરોજ બળેલા કોયલા ખાઉં છુ તેથી મારું હગેલું આવું. એટલે બધા કોલા એક નદી કિનારે જઇને સાદડના કોલસા પાડી અને ખાઇને એક પછી એક પાણીમાં કૂદી પડે એટલે મરી જાય. એમાંથી કેટલાક તો મરી ગયા. એટલે બચેલાઓએ જોયુ કે આ તો પેલા કોલાભાઇએ આપણને મારી નાખવા ઉપાય કર્યો છે. માટે આપણે એના ઘર જઇએ કે એ શું ખાય છે. એમ કહી બધા એના ઘર આવ્યા અને જોયુ તો એક બકરી અને એનુ દૂધ રોજ પીએ એટલે આવું સફેદ હગે. માટે ચાલો આપણે તેની બકરી ખાઇ જઇએ. કોલાભાઇ દરરોજ બકરી માટે કંઇ ખાવાનુ લાવે એટલે કોલાભાઇ દૂરથી આવતા હોય ત્યારે બકરી જુએ એટલે બેં કરી બુમ પાડે. એટલે કોલાભાઇ કહે નીરું બાઇ આવું છું, એમ કહીને જે લાવ્યો હોય તે ખવડાવે. અને તેનું દૂધ પી લે. એમ ક એક દિવસ કોલાભાઇ હાટવાડામાં ગયા. એટલે બધા કોલા આવ્યા અને તે બકરીને કાપીને ખાઇ ગયા. અને તેનુ ડોકું ભીંતમાં ખોસી ગયા. એટલામાં કોલાભાઇ હાટવાડામાંથી પાછા આવ્યા અને ડોકું જોયા કર. એટલે કોલાભાઇએ બુમ પાડી ઓ નીરું બાઇ પણ ડોકું તો શાનુ બોલે ? ત્યારે કોલાભાઇ કહે કે દરરોજ નીરુબાઇ બોલતી હતી અને આજે કેમ નથી બોલતી. ત્યાં આવીને તેમણે જોયુ તો એકલું ડોકું જ. એટલે કોલાભાઇ સમજી ગયા કે નક્કી બધા કોલાએ મારો ઘાટ ઘડયો છે. પણ ઠીક છે. એમ કહી કોલાભાઇએ બધાને નોતરું આપ્યુ કે મારી નીરુબાઇ મરી ગઇ છે માટે તેનું બારમુ છે માટે બધા જમવા આવજો. એમ કહી



કોલાભાઇએ ઘર રસોઇ કરી. ત્યાં તો બધા કોલા જમવા આવ્યા અને જમવા બેઠા. કોલાભાઇએ તો ગામ તેમથી બોરડી તથા બાવળના કાંટા લાવી ઘરનું બારણું ઝીંટી લીધું. એટલે બધા કોલા કહે કે અરે ભાઇ આ શું કરે છે ? ત્યારે કોલાભાઇ કહે કે તમે જમવા બેસો અને કાગડા કૂતરા આવે અને જમવા નહીં દે માટે હું બંધ કરું છું. એમ કહી તે પોતાના ઘરને સળગાવી મૂકયુ. બધા કોલા બળી ગયા. પછી એ કુલીના ઝાડ પર ચડીને એક ડાળેથી બીજા ડાળે કૂદવા લાગ્યો અને એમ કહેવા લાગ્યો કે :

નીરુબાઇનું કામ કરું

કુલીયા ટકે નાચ કરું

એટલામાં તો ડાળી ભાગીને નીચે જ આવી. તેની સાથે કોલાભાઇ પણ નીચે પડ્યા અને ડાળી નીચે ચગદાઇ મર્યા.

## વાર્તા તેરમી

## બગલીબાઇની વાર્તા

એક બ્રાહ્મણ હતો તે દરરોજ ભીખ માગવા જાય અને ગામ તેમથી ભીખ માગી લાવે એક તળાવની પાળ ઉપર એક વડલો હતો તેના પર એક બગલીનો માળો હતો. એની નીચે બ્રાહ્મણ દરરોજ ખીચડી મૂકે અને ખાવા બેસે એટલે ઉપરથી તેના ભાણામાં બગલો હગે. એટલે બ્રાહ્મણ ભાણું મૂકીને પાછો ત્યાંથી ભીખ માગવા જાય. એમ કરતા બહુ દિવસ થયા. એક દિવસ બ્રાહ્મણ ભીખ માગવા નહીં ગયો અને વડ ઉપર ચઢીને બગલીને પકડી પાડી અને નીચે ઉતરીને ચાલવા માંડયું. અને કહે આને પાણી નહીં હોય ત્યાં જઇને કાપું. એમ કરી આગળ જાય છે. એટલે

એક બકરાનો ગોવાળ મળ્યો. તેને જોઇને બગલી કહેવા લાગી કે, ઓ બકરીના ગોવાળભાઇ ઓ બકરીના ગોવાળભાઇ, સરોવરની પાસે ઈંડાં કુઇ જાય વડ વઢીયો થશે. એટલે બકરીનો ગોવાળ કહે કે આમાંથી જે જોઇએ તે લઇ જા. બકરી જોઇએ તો બકરી લે અને બોકરડો જોઇએ તો બોકડો લે, પણ આ જાનવરને છોડી દે. ત્યારે બ્રાહમણ કહે કે ના રે ભાઇ આને તો જ્યાં પાણી નહીં હોય ત્યાં કાપવાનો છું. મારી રસોઇ દરરોજ બગાડે છે. એમ કહી આગળ ચાલવા માંડયું. એટલે એક મીંઢાનો ગોવાળ મળ્યો. એટલે પાછી બગલી કહેવા લાગી કે ઓ મીંઢાના ગોવાળભાઇ, સરોવરની પાસે ઈંડાં કુઇ કુઇ જાય વડ વઢીયો થશે. એટલે મીંઢાનો ગોવાળ કહે ઓ ભાઇ મીંઢામાંથી જે જોઇએ તે લે પણ આને છોડી મૂક. તારે જોઇએ તો મીંઢી લે અને મીંઢો જોઇએ તો મીંઢો લે. એટલે બ્રાહમણ કહે કે નહીં રે ભાઇ મારી રસોઇ બગાડી છે માટે એને જીવતી નહીં છોડું. એને તો પાણી નહીં હોય ત્યાં કાપવાની છે. એમ કહી આગળ ચાલવા માંડયું એટલે સામે એક ભેંસનો ગોવાળ મળ્યો તેને બગલી કહેવા લાગી કે ઓ ભેંસના ગોવાળ ઓ ભેંસના ગોવાળ સરોવરની પાસે ઈંડાં કુઇ કુઇ જાય, વડ વઢીયો થશે. તે સાંભળી ભેંસોનો ગોવાળ કહે ભાઇ આ જાનવર છોડી મૂક અને તારે આમાંથી પાડી જોઇએ તો પાડો લે અને ભેંસ જોઇએ તો ભેંસ લે. પણ આને છોડી મૂક. ત્યારે બ્રાહમણ કહે કે નહીં રે ભાઇ એણે દરરોજ મારી રસોઇ બગાડી છે માટે હું જીવતી નહીં છોડું. એમ કહી આગળ ચાલવા માંડયું. એટલે એક ગાયોનો ગોવાળ મળ્યો. તેને જોઇને બગલી પાછી કહેવા લાગી કે ઓ ગાયના ગોવાળ ઓ ગાયના ગોવાળ સરોવરની પાળે ઈંડાં કુઇ કુઇ જાય, વડ વઢીયો થાય. એટલે ગાયોનો ગોવાળ કહે કે ભાઇ ભાઇ આ જાનવરને છોડી દે અને તારે જોઇએ તો આમાંથી બળદ કે ગાય લે. એટલે બ્રાહમણ તો



તેમાંથી એક સારી જોઇને ગાય લીધી અને બગલીને છોડી દીધી. અને ગાય લઇને ઘેર આવ્યો, અને બ્રાહમણીને કહ્યું કે યન આ ગાય બહુ સારી છે એને ઘાસચારો આપ અને પાણી પાજે. હું તો હજી ભીખ માગવા જાઉં છું. સાંજે ઘેર આવીશ. અને આનું દૂધ કાઢજે એમ કહી બ્રાહમણ ભીખ માગવા ગયો. બ્રાહમણી ઘેર ભાત ખાંડીને બ્રાહમણના માટે ખાવાનું રાંધે અને બ્રાહમણી પાણી ભરવા જાય. ત્યારે ગાય કહે છોડ છોડ ધામણી મારી ધણિયાણીનું ભાત ખાઇ જાઉં એટલે દોરડાથી છૂટી પડી અને ભાત ખાઇ જાય અને પાછી કહે બંધ બંધ ધામણી ધણિયાણી આવશે તો મારશે. એટલે ગાય પાછી બંધાઇ જાય. આમ દરરોજ કરે. ત્યારે બ્રાહમણી વિચાર કરે કે આ કોણ ખાઇ જાય છે. ગાય તો બાંધેલી છે. સાંજ આજ સંતાઇને જોયા કરું એમ કહી બેડું કેડમાં મારી થોડે દૂર જઇને પાછી આવી. અને સંતાઇ ગઇ અને એક ભીંતમાં કાણું પાડીને તેમાંથી જોયા કર્યું. ગાયના મનમાં એમ થયું કે બ્રાહમણી પાણી ભરવા ગઇ છે ત્યાં સુધી ભાત ખાઇ જાઉં. એટલે ગાય દોરડાથી છૂટી પડી અને ભાત ખાઇને પાછી ચાલી ગઇ અને કહે બંધ બંધ ધામણી ધણિયાણી આવશે તો મુસારે જ મારશે. એમ કહ્યું એટલે બંધાઇ ગઇ. આ બધું બ્રાહમણીએ જોયા કર્યું અને સાંજે બ્રાહમણ ઘેર આવ્યો ત્યારે તેને બધી વાત કરી દીધી. અને કહ્યું કે આ ગાયને કાપી નાખ કે જંગલમાં મૂકી આવ. હું આને ઘાસચારો કે પાણી નહીં પાઉં. એટલે બ્રાહમણે વિચાર્યું કે લાવ આને જંગલમાં મૂકી આવું.જેથી કોઇ વાઘ વરૂ ફાડી ખાશે અને એટલે ઘેર વળી જશે. એમ કહી તે ગાયને લઇને પાછો જંગલમાં ગયો અને મૂકી પાછો આવ્યો. તે જ જંગલમાં એક વાઘણ પણ વીયાઇ અને તેને પણ એક સારો બચ્ચો થયો. વાઘણ કહે ગાયબહેન તારે પણ વાછરડો અને મારે પણ બચ્ચો. આપણે બંને સાથે મૂકીએ બંને સાથે રમે છે. અને ગાય અને વાઘણ ચરવા જાય છે. આ

બને સાથે દોસ્તી થઇ અને ગાય સાથે રહે એટલે વાઘનો બચ્ચો કહે માઇ માઇ તુ કોઇ દિવસ મારી માસીને ખાઇ જશે. ત્યારે વાઘણ । કહે નહીં રે ભાઇ કંઇ માસીને ખવાય કે પણ વાઘણના બચ્ચાનુ મન નહીં માને. એક દિવસ વાઘણ જરા અગાડી આવી એટલે વાછરડાએ કહયુ કે મારી મા કયા છે ? ત્યારે વાઘણ કહે કે તારી માનુ મોટું પેટ એટલે વાડ વેલો કરતી આવે. પણ ઘણો ટાઇમ રાહ જોઇ પણ આવી નહીં એટલે વાઘણનો બચ્ચો સમજી ગયો કે જરૂર મારી મા ગાયમાસીને ખાઇ ગઇ. એટલે વાઘણનો બચ્ચો કહે માઇ માઇ ચાલે આપણે આ કુવો તરવા જઇએ. કોણ તરપે છે. એમ કહી કુવા પાસે જઇને વાઘણે કુદવા તરાપ મારી એટલે તેના જ બચ્ચાએ તેને કુવામા નાખી દીધી. અને પછી વાછરડાને કહયુ ચાલ ભાઇ હવે મને નિરાત વળી. કારણ કે કોઇ દિવસ તારી પણ તારી માની ગતી કરત. પણ ભાઇ તુ આ એક વાડો તને બનાવી આપુ તેમા તારે રહેવું. હું સાજે આવીશ. પણ ભાઇ મને અહીં કોઇ મારી નાખે તો ? તમને શુ ખબર પડે ? માટે તેનુ કંઇ કર. એટલે વાઘના બચ્ચાએ તેને એક ઘુઘરો ગળામા બાધ્યો. અને કહયુ તને કંઇ થઇ જાય તો આ ખખડાવજે. એમ કહી વાઘનો બચ્ચો જંગલમા ચરવા ગયો. એટલે વાછરડાએ વિચાર્યુ કે જોઉ મારા પર વાઘનો કેટલો ભાવ છે. ર કરી ઘૂર ઘૂઘરો ખખડાવ્યો. એટલે વાઘના બચ્ચાએ જંગલમા સાભળ્યુ કે નક્કી મારા ભાઇને કોઇ મારે છે. એમ કહી વાઘનો બચ્ચો જંગલમાથી અખડાતો પખડાતો આવ્યો અને વાછરડાને પૂછે છે કે કેમ ભાઇ કોણ મારતુ હતુ તે ઘુઘરો ખખડાવ્યો ? એટલે વાછરડો કહે કે અરે ભાઇ કોઇ નહી હતુ પણ મેં તમારી પરીક્ષા કરી કે મારા ઉપર તમારો કેટલો હેત છે. એટલે વાઘ પાછો જંગલમા ચરવા ગયો. આમ ઘણા દિવસ વીતી ગયા. એટલામા એક કોળી એટલે કોળવા આવ્યા. તે



વાછરડાએ ખૂબ કૂદવા માડયુ અને બરાડવા માડયુ પણ વાઘ આવ્યો નહીં અને પેલા વાછરડાને કોલવાએ મારી નાખ્યો અને તેનુ માસ બધુ જુદું કરી બધા વહેંચી લઇ ગયા. પણ ત્યા પેલો ઘૂઘરો પડેલો હતો તે એક સમડીએ લઇને ઉંચ ઉડી ગઇ. તેને લઇ જતા તે ઘૂઘરો પેલા વાઘ પાસે પડયો એટલે વાઘે જોયુ તો આ તો મારા ભાઇ વાછરડાનો જ ઘૂઘરો છે. એમ કરી ત્યાથી ખૂબ દોડયો પણ ત્યા શુ હોય ? આમ તેમ ખૂબ ફાફા માર્યા પણ કયાયે એ મળ્યો નહીં. પછી તે નિરાશ થઇને બેઠો. બસ ચાલો આજ આવશે મોર અને વારતા કહીશુ પોર.

...

હાળીઓનું લોક સાહિત્ય : અનુપારંગત કક્ષાનું એક કસોટી પત્ર.

'સમાશ્રય અને શોષણ' ઉપરનાં વ્યાખ્યાનોમાં તથા સંબંધિત વિષયો ઉપરના લેખોમાં આપણે જોયું કે મૂળ હાળી પ્રથામાં ગુલામીનો અંશ રહેલો છે, છતાં ય એમાં સમાશ્રયનાં તત્વો ઘણાં હોય છે. આ વિષે આપણે વિસ્તારથી ચર્ચા કરી છે. પ્રસ્તુત લેખમાં હાળી (દૂબળા)ઓના લોક સાહિત્યના નમૂના આપવામાં આવ્યા છે. જે ગીતો છે એમાં તો ગુલામીના સંબંધોનો સીધો ઉલ્લેખ કરનારાં જ, જાણી જોઇને, મૂક્યાં છે. કહેવતો અને વાર્તાઓ જેવી સાંભળી એવી આપી છે. બીજી જ્ઞાતિઓમાં એમના જેવાં જ (કેટલીક વાર શબ્દશ:) ગીત, કહેવતો, વાર્તાઓ મળે.

આ લેખ ધ્યાનથી વાંચી જાઓ. સંબંધિત અભ્યાસક્રમ શીખવતી વખતે આપેલું સાહિત્ય મનોયોગપૂર્વક જોઇ જાઓ. મારી દૂબળાનાં ગીતો (અમદાવાદ, ૧૯૭૯) નામની પુસ્તિકા તથા બીજા એવા સાહિત્ય ઉપર એકવાર નજર નાંખી જાઓ. પછી નીચે આપેલા પ્રશ્નોના જવાબ દો :

૧. દૂબળાઓના લોક સાહિત્યમાં હાળી પ્રથાનો ઉલ્લેખ કેટલા પ્રમાણમાં થાય છે ?
(ઘણો, સાધારણ, ઓછો : આ ત્રણમાંથી તમને જે યોગ્ય લાગે તે બતાવવું)

૨. એ ઉલ્લેખ શેમાં હોય છે ? (લોકગીતોમાં, લોકવાર્તાઓમાં, કહેવતોમાં)

૩. ઉલ્લેખ ઘણો / સાધારણ/ ઓછો થવાનાં કારણો દર્શાવો.

૪. એમનાં ગીતો વાર્તાઓ કહેવતોમાં કઇ કઇ જ્ઞાતિઓનો કેવી રીતે ઉલ્લેખ થયો છે તેનો અભ્યાસ કરો.

૫. ગુલામીના અંશ ધરાવતા બીજા સમાજોનો (દા.ત. અમેરિકાના ગુલામી કાળના નીગ્રો) અભ્યાસ કરી તેમના લોક સાહિત્યનો અભ્યાસ કરો.

૬. જ્યારે આવા સંબંધો બદલાય છે ત્યારે લોકસાહિત્યમાં પણ ફેરફાર થાય છે.

દા.ત. દૂબળાઓમાં આ એક ગીત ચાલુ થયું છે :

હારીની નોકરી ના કરાજે
ગુલામીપણું ના કરાજે
જૈનીની નોકરી કરાજે
ગુલામીપણું ના કરાજે
સાસુની નોકરી ના કરાજે
ગુલામીપણું ના કરાજે
પાડાની નોકરી કરાજે
ગુલામીપણું ના કરાજે
અમે સરકારી નોકરી ના કરાજે
ગુલામીપણું ના કરાજે
અમે ખાદીનો પાયજામો પેરાજે
ગુલામીપણું ના કરાજે
અમે વેપારની નોકરી કરાજે
ગુલામીપણું ના કરાજે
અમે સાળાની નોકરી ના કરાજે
ગુલામીપણું ના કરાજે
અમે વીરાના નોકરી કરાજે
ગુલામીપણું ના કરાજે

આવી પ્રજા શિક્ષિત થાય છે અને પોતાના વિચારોને અભિવ્યક્ત કરવાની આવડત કેળવે છે ત્યારે કંઈ નવું જ કહે છે. આફ્રિકાની નવી કવિતાનો કે મહારાષ્ટ્રના દલિત પેન્થરોના સાહિત્યનો આ દૃષ્ટિએ અભ્યાસ કરીને એના ઉપર એક નિબંધ લખો.

...